


GINAN Granth
બ્રહ્મ પ્રકાશ
&
બુજ નિરંજન
Brahm Prakaash
&
Buj Niranjan


GINAN Granth
બ્રહ્મ પ્રકાશ
&
બુજ નિરંજન
Brahm Prakaash
&
Buj Niranjan

બ્રહ્મ પ્રકાશ

રચનાર: પીર શમસ

&

બુજ નિરંજન


રચનાર: પીર સદરદીન

શ્રીભા સુંદરજી

પ્રકાશક:
ધી શીઆ ઈમામી ઈસ્માઈલી તરીકા
એન્ડ રિલીજીઅસ એજ્યુકેશન બોર્ડ ફોર કેનેડા

બ્રહ્મ પ્રકાશ

રચનાર: પીર શમસ



બ્રહ્મ પ્રકાશ

બ્રહ્મ જયોતિનું અનુભવ સિદ્ધ પ્રાચિન શાસ્ત્ર

[અર્થ સહિત]

રચનાર : મહાન પીર શમ્સશદીન મહમદ

સત શબ્દ હય ગુરૂ હમારા, તાંકો લખે નયો સંસારા; ૧.

અર્થ: ~~ઇસ્મે આઝમ~~ યાને ગુરૂમંત્ર મારા મુરશીદે કામીલ છે, પણ સંસારી લોકો તેને ઓળખી શકતા નથી. (૧)

સત શબ્દકા કરો વિચારા, પીરશાહ કહોજી વારંવારા; ૨.

અર્થ: ~~ઇસ્મે આઝમ~~ના ખ્યાલમાં રહેવું, પીરશાહના નામનું રટણ ચાલુ રાખો. (૨)

પ્રથમ ધ્યાન રસનાસું કીજે, નિશદિન પીરશાહ પીરશાહ ભણીજે; ૩.

અર્થ: શરૂઆતમાં જીભના ઝીકર સાથે ધ્યાન ધરવું અને રાત દિવસ પીરશાહ પીરશાહના નામનું રટણ કરવું (૩)

તીન માસ રસના બીચ રહ્યા, પીછે નામ બ્રહ્મસો કહ્યા; ૪.

અર્થ: એવી રીતે ત્રણ મહિના સુધી જીભથી રટણ થયા બાદ જેને બ્રહ્મ કહેવાય છે તેમા લીન થઇ જવાશે (૪)

નામ લેતા ભયા પ્રેમ પ્રકાશા, તબ ઉપજયા મનવિશ્વાસા; ૫.

અર્થ: એવી રીતે નામનું રટણ થતાં ઈશ્ક પ્રકાશીત થાય છે અને ત્યારે મનને એ વીષે યકિન બંધાય છે. (૫)

કહો પ્રેમ લક્ષ કેસા રે ભાઈ, ગુપ્ત ભેદ કહુ પ્રગટ બતાઈ; ૬.

અર્થ: કહો ભાઇ એ ઇશ્કના લક્ષણ કેવા હોય છે, તેનો છુપો ભેદ હું જાહેર કરી બતાવું છું (૬)

ગદ્દ ગદ્દ લહેરી પ્રેમકી ઉઠે, તાં બીચ શીરી મુખકી છુટે; ૭.

અર્થ: આનંદની રેલમ છેલ સાથે ઇસ્કના મોજાં ઉછળે છે, તે દરમ્યાન મોઢામાંથી અમી છુટે છે (૭)

હોત ગલગલી સુખમે અગાહી, તાં બીચ મનવા રહ્યા સમાઈ; ૮.

અર્થ: પ્રાપ્તિના ખબરની ખુશીના સુખમાં આનંદની રેલમ છેલ થાય છે જેમાં મન સમાઇ જાય છે (૮)

ચલે ત્રટ જહાં પ્રેમકી ધારા, પિવત પ્રેમ હોવત મતવાલા; ૯.

અર્થ: (ત્યારબાદ) તે (મન) જ્યાં પ્રેમની નદી વહે છે તેને કિનારેથી ઇસ્કનું પાન કરી મસ્ત બને છે (૯)

છકી કર બકીયા અન ભય બાની, દુર પહોંચેકી યેહી નિશાની; ૧૦.

અર્થ: પછી તે બહેકી જઇને બકવાટ કરે છે અને કોઇપણ જાતની બીક વગર, બોલો બોલે છે. આગળ વધ્યાની એજ નિશાની છે. (૧૦)

બ્રહ્મ સુખકી કયા કહું વડાઈ, મહીમા અધીક કહી નવ જાઈ; ૧૧.

અર્થ: ખુદામાં મળી જવાના સુખના દરજ્જાનું વર્ણન કેવી રીતે કરૂં? તેનો પ્રતાપ એટલો મોટો છે જે વર્ણવી શકાય તેમ નથી. (૧૧)

પોથી પતરા વાંચી સુનાવે, વાં સુખકી ગતી વે નહિ પાવે; ૧૨.

અર્થ: કિતાબો અને તેના પાના જેઓ વાંચે છે અને સંભળાવે છે તેઓને એ સુખનો ભેદ મળી શકતો નથી. (૧૨)

જટા જુઠ કહાવે ભગવાના, વે સુખ ઉનથી રહ્યા છાના; ૧૩.

અર્થ: જેઓ માથા ઉપર જટા રાખે છે અને ખોટી રીતે પોતાને ઇશ્વર કહેવડાવે છે તેઓથી એ સુખ છુપાએલુ છે. (૧૩)

જતિ રાખ મતા ખાલી રહયા, વાં સુખકા રજ ભેદ ન લહ્યા; ૧૪.

અર્થ: રાખ ચોળીને સાધુ થયા પણ તે બુધ્ધી વગરના હોવાથી તેમને એ સુખના ભેદની એક તલભાર પણ ખબર ન પડી (૧૪)

જોગી હોકે જુગતી ન પાઈ, ઉનતે વે સુખ રહ્યા સમાઇ; ૧૫

અર્થ: જેમાં એ બ્રહ્મસુખ સમાયેલું છે તેની ચાવી જોગી થવા છતાં તેને મળી નહિ યાને જોગી થયા જોગ ધારણ કર્યો પણ જુગતી

યાને રીત જાણી નહિ જેથી, બ્રહ્મસુખ જેમાં સમાયેલું છે તે તેઓ મેળવી ન શકયા. (૧૫)

જંગમ નિશદિન વિશ્વાસે ધ્યાવે, વાં સુખકો કબહુ ન પાવે; ૧૬.

અર્થ: શિવ લિંગની પુજા કરવાવાળા, રાત દિવસ તેના ઉપર શ્રધ્ધા રાખીને સાધના કરે છે તો તેઓ પણ એ બ્રહ્મસુખને કદી પણ પામતા નથી. (૧૬)

છંદા હોકર જદ નહિ દરશે, કહો વા સુખકો કયસે પરશે? ૧૭.

અર્થ: એક મસ્ત ફકીર બનવા છતાં જ્યારે મસ્તી નહિ અનુભવે તો કહો તે એ સુખને કેવી રીતે સ્પર્શી શકે યાને અનુભવ કરી શકે? (૧૭)

અડસઠ તીરથ દેહ નવાઇ, વે સુખકી વે ખબર ન પાઈ; ૧૮.

અર્થ: અડસડ તીરથની યાત્રા કરી ત્યાં શરીરને સ્નાન કરાવ્યું છતાં એને પણ એ સુખની સમજ ન પડી. (૧૮)

ખટ કરમ ત્રીપણ કરે આચારા, વે સુખ ઉનતે રહ્યા ન્યારા; ૧૯.

અર્થ: ખટ કરમ એટલે બ્રાહ્મણે કરવાના છ ધર્મ કાર્યો. (૧) યજન યાને પુજન (૨) યાજન યાને યજ્ઞ કરવો (૩) અધ્યાન યાને ભણવું (૪) અધ્યાયન યાને ભણાવવું (૫) (દ્વાન) દાન આપવું (૬) પ્રતિગ્રહ યાને દાન લેવું. આવા છ પ્રકારના ધર્મના કાર્યો તર્પણ એટલે શ્રાધ જેવી વિધીઓ કરે, એવાઓથી પણ એ સુખ દુર રહે છે. (૧૯)

દુધા ધારી નાગા મુની, વાં સુખ પાંખે કાયા સુની; ૨૦.

અર્થ: દુધ ઉપરજ રહેવાવાળા, દિગંબર અને મુનિવ્રત ધારણ કરેલાઓના શરીરો એ સુખ વગરના સુના છે. (૨૦)

પથ્થરા પુજે ઘંટ બજાવે, વાં સુખકું સ્વપને નહિ પાવે; ૨૧.

અર્થ: પથ્થરની પુજા કરે પથ્થરની મુર્તિ પસે ઘંટ વગાડે એવાઓને તો બ્રહ્મ સુખ સ્વપ્નામાં પણ મળતું નથી. (૨૧)

ગાએ વજાડે તોડે તાના, વાં સુખકા વે મુલ ન જાના; ૨૨.

અર્થ: ભજન ગાય તાલ તંબુરા વગાડી તેના તાનમાં મસ્ત બને તેવાઓ બ્રહ્મ સુખની કિંમત સમજી શકતા નથી. (૨૨)

બહુતા દેખે બાંધે પોથા, વાં સુખ પાંખે રહે ગયા થોથા; ૨૩.

અર્થ: બધા લોકો જુએ તેમ ચોપડાઓ બાંધી ઠેકઠેકાણે ફરે છે પણ

બ્રહ્મ સુખ વગરના તે ખાલી થોથાજ રહી ગયા છે. (૨૩)

સબ જ્ઞાની મીલ્લ પઢી પઢી ફુલ્લા, વાં સુખકા વય મારગ ભુલ્લા; ૨૪.

અર્થ : બધા આલીમો કિતાબો વાંચી વાંચીને ફુલાય છે, પણ તેઓ એ સુખના રસ્તાથી વેગળા છે, યાને ગુમરાહ છે. (૨૪)

જડી બુટી કરી દેહ જીવાવે, વાં સુખકું કબહુ ન પાવે; ૨૫.

અર્થ : દવાઓ ખાઇને શરીરને ટકાવી રાખે છે, તેઓ પણ એ સુખને કદી મેળવી શકતા નથી. (૨૫)

બહુતા કરીએ ઓખદ પાની, વાં સુખકી વે જુગતી ન જાની; ૨૬.

અર્થ : દવા દારૂ ઘણી કરવાથી બ્રહ્મ સુખની રીત જાણી શકાતી નથી. (૨૬)

બહુતા નાટક ચીટક કરીએ, વાં સુખ કારણ પેટહી ભરીએ; ૨૭.

અર્થ : ઘણા નાટકો યાને ખેલો કરી નાચ કુદ કરે પણ બ્રહ્મ સુખ મેળવવાને બ્હાને એમ કરીને પોતાનું પેટજ ભરવાનું હોય છે. (૨૭)

જંત્ર મંત્રકા કરે પસારા, વે સુખ ઉનતે રહ્યા ન્યારા; ૨૮.

અર્થ : મંત્રની સાધના કરી દોરા, તાવીજોનો ફેલાવો કરે તો પણ બ્રહ્મ સુખ તેનાથી અળગુંજ રહે છે. (૨૮)

મંડલી બાંધી મહંત કીલ્લાયા, વાં સુખકા વે મતા ન પાયા; ૨૯.

અર્થ : મંડળીઓ ભેગી કરી તેમાં પોતે મોટા મહંત થઇને પુજાય તો પણ બ્રહ્મ સુખનો મહીમા તે જાણી શકતો નથી. (૨૯)

કોટી જગન અસ્વમેઘ કરાવે, વાં સુખકા વે ધામ ન પાવે; ૩૦.

અર્થ : અસ્વમેધ જેવા કરોડો યજ્ઞમાં પુજા કોઇ કરાવે, તો પણ બ્રહ્મ સુખનું ઠેકાણું તે મેળવી શકે નહિ. (૩૦)

જીવત દેહી ખેહ વીચ દાટી, વાં સુખકી વય ભુલ્લા ઘાટી; ૩૧.

અર્થ : જીવતા જીવત પોતાની દેહીને જમીનમાં જે દાટી રાખે છે તે બ્રહ્મ સુખનો રસ્તો ભુલી ગયા છે. (૩૧)

નરસવાદી હોઇ કદખડી ખાયેઆ, વાં સુખકા વે સવાદ ન પાયેઆ: ૩૨.

અર્થ : જીભનો સ્વાદ જેણે તજી દીધો છે અને કંદ મુળ અને માટી ખાય છે તેઓને પણ બ્રહ્મ સુખની લિજ્જત મળતી નથી. (૩૨)

ગુફા બનાઈ રહે ભુ માંહી, વય બી એ સુખ પાયા નાહિ; ૩૩.

અર્થ : ગુફા બનાવી જમીનની અંદર પડી રહે તો પણ એ સુખને તે પામતો નથી. (૩૩)

ઉડત ગડત રાખે દોએ ગોટા, વાં સુખ પાંખે સાધન ખોટા; ૩૪.

અર્થ : હવામાં અધ્ધર રહેવાની અને જમીનમાં દટાઈ રહેવા જેવી બેઉ સાધના જેઓ કરતા હોય તો પણ બ્રહ્મ સુખ વગરના એ સાધનો નકામા છે. (૩૪)

કાશીમે જઇ કરવત લીના, વાં સુખકું વે રતી ના ચીના; ૩૫.

અર્થ : કાશીમાં જઇ કરવત નીચે બેસી પોતે ચીરાઇ જાય તો પણ બ્રહ્મ સુખની તેને ઓળખાણ થતી નથી. (૩૫)

જાઈ હેમાલે ગાલે ગુડા, વાં સુખ માહે વે નહિ બુડા; ૩૬.

અર્થ : હિમાલય પર્વત ઉપર જઈને બરફથી પોતાના અવયવો ગળાવી નાખે તો પણ તેઓ બ્રહ્મ સુખમાં ડુબી શકતા નથી. (૩૬)

જીવત દેહ અગન માહે જારી, વાં સુખકી બાતાં ઉનસે ન્યારી; ૩૭.

અર્થ. જીવતાં જીવત પોતાની દેહીને અગ્નીથી તપાવે તો પણ બ્રહ્મ સુખની વાતો તો તેવાઓથી છેટીજ રહે છે. (૩૭)

પંદે સુર હોઈ ખંડ વિખંડા, વે સુખ ઉનથી રહ્યા ઉંડા; ૩૮.

અર્થ : પંદે સુર યાને ચાલવામાં શુરા ખંડ વીખંડા યાને એક ખંડથી બીજે ખંડ ભટકવાવાળાઓ પણ એ સુખનો ભેદ પામી શકતા નથી. (૩૮)

કયા સુવાગી અરૂ કયા સંસારા, એક નામ ભજન બીન વે સુખ ન્યારા ૩૯

અર્થ : ગમે તો સંસારી હોય યા ગમે તો ત્યાગી હોય પણ ગુરૂ મંત્રના જાપ વિના એ સુખ તેમનાથી છેટુંજ રહે છે. (૩૯)

અણ મીલીયાકી જુગતી બતાઇ, અબ મીલીયાકી કહું સમજાઈ; ૪૦.

અર્થ : ઉપરના પાઠોમાં જેઓ બ્રહ્મ સુખને મળ્યા નથી તેની હકીકતો યાને રીતો બતાવી. હવેના પાઠોમાં જેઓ બ્રહ્મ સુખને પામ્યા છે તેની વિગત સમજાવું છું. (૪૦)

શીવ, સંકાદીક, વે સુખ પાયા, આવા ગમણુ બોડ નહિ આયેઆ; ૪૧.

અર્થ : શંકર અને સનકાદીક જેવા એ સુખને પ્રાપ્ત કરી ગયા અને લક્ષ ચોરાસીના ફેરામાંથી છુટી ગયા. (૪૧)

સુખદેવ વ્યાસ મીલે સુખમાંહી, ફીર ચોરાસી આવે નાહિ; ૪૨.

અર્થ : સુખદેવ અને વ્યાસ તે પણ એ સુખમાં યાને બ્રહ્મ સુખમાં મળી ગયા અને જન્મ મરણના ફેરામાંથી છુટી ગયા. (૪૨)

ધ્રુવ પહેલાજ વે સુખ મિલીઆ, ચોરાશીકા બંધન ટળીયા; ૪૩.

અર્થ : ધ્રુવ અને પહેલાજ તે પણ બ્રહ્મ સુખમાં મળી ગયા અને લક્ષ-ચોરાસીના બંધનમાંથી છુટી ગયા. (૪૩)

દાસ કબીરા ગુરૂ રામાનંદા, વે સુખકું મીલી કીયા આનંદા; ૪૪.

અર્થ : કબીરદાસ અને ગુરૂ રામાનંદાએ પણ બ્રહ્મ સુખમાં મળીને આનંદ કર્યો. (૪૪)

વાં સુખકુ મીલી રહ્યા નામા, તાંકા નિશ્ચય સરીયા કામા; ૪૫.

અર્થ : નામા ભગત પણ એ બ્રહ્મ સુખમાં સમાઇ જતા તેના કમો નક્કી રીતે પુરા થયા. (૪૫)

પીપા ધના ઓર રોહીદાસ, વાં સુખકુ મીલી કીયા વિલાસા; ૪૬.

અર્થ : પીપા ભગત, ધના ભગત અને રોહીદાસે પણ તે બ્રહ્મ સુખમાં મળીને આનંદ કર્યો. (૪:)

ઓર નાનકશાહને પાયા, એક નામ નિશ્ચય-કરી ધ્યાયા; ૪૭.

અર્થ : અને નાનકશાહને એ સુખ મળ્યું કે જેણે ગુરૂમંત્રની યકીનથી સાધના કરી. :૪૭)

વિશન, સુરજન, માધવદાસા, વાં સુખમાંહે વય કીયા વાસા; ૪૮.

અર્થ : વિશન, સુરજન અને માધવદાસ, તેઓ પણ એ બ્રહ્મ સુખમાં મળી ગયા. (૪૮)

દાદુ, રજબ, પરસા, ગીયાની, વે સુખસુ મીલીયા નીજ ધ્યાની; ૪૯.

અર્થ : દાદુ, રજબ, પરસા, ગીયાની તેઓ પણ પોતાના એકજ ધ્યાનના લીધે બ્રહ્મ સુખમાં મળી ગયા. (૪૯)

રાંકા, વંકા, કાલુ, કુંભા, વાં સુખમાહી વય બી ડુબ્યા; ૫૦.

અર્થ : રંકા, વંકા, કાલુ અને કુભા નામના ભગતો પણ બ્રહ્મ સુખમાં ડુબી એક રસ થઇ ગયા. ૫૦

ખેતા, ઘટતે, સજના, સેના, વા સુખમાહી વય બી ભીના; ૫૧.

અર્થ : ખેતા, ઘટતે, સજના અને સેના નાઇ પણ એ બ્રહ્મ સુખમાં ભીંજાઇ ગયા. (૫૧)

અગર, કીલજન, તુલસી પાયા, વયબી વાં સુખમાંહે સમાયા: ૫૨.

અર્થ : અગર, કીલીજન અને તુલસીદાસ જે મોટા ભગત થઇ ગયા તે પણ એ બ્રહ્મ સુખમાં સમાઇ ગયા. (૫૨)

દાસ મોરાર મલુકા જંગી, વયબી થા વા સુખકા સંગી; ૫૩.

અર્થ : દાસ મોરાર, મલુકા જંગી તે પણ બ્રહ્મ સુખના સાથી થયા ૫૩

હરીદાસ, બાજીંદા બીચારા, વયબી મીલ ગયા સુખકી ધારા; ૫૪.

અર્થ : હરીદાસ, બાજીંદબાદશાહ પણ બ્રહ્મસુખનો વિચાર કરતાં એ સુખમાં મળી ગયા. (૫૪)

વય સુખ ઇસર તુંબેર પાયા, નામ લેત એક મનવા સમાયા; ૫૫.

અર્થ : પોતાના મનને ઝીકરમાં લગાડવાથી ઇસર તુંબેરને એ સુખની પ્રાપ્તી થઇ. (૫૫)

તત્ત્વવેના ખોજી અરૂ ત્યાગી, વે સુખસું મીલીયા બડ ભાગી; ૫૬.

અર્થ : ફિલસુફ અને દેહીની શોધના કરવાવાળા સન્યાસી એ બ્રહ્મ સુખ-માં મળી પોતે નસીબદાર બની ગયા (૫૬)

વા સુખ ગોરખ નિશ્ચો પાયા, જુગતી જાણી કરી જોગ કમાયા; ૫૭.

અર્થ : એ સુખ ગોરખને ખરેખરૂં મળ્યું કે જેણે યોગની રીત સમજીને યોગ સાધના કરીને એ સુખ મેળવ્યું. (૫૭)

ગોપીચંદ, ભરથરી યોગી, વયબી થા વય સુખકા ભોગી; ૫૮.

અર્થ : ગોપીચંદ અને ભરથરી જેવા રાજયોગીઓ પણ એ સુખનો ઉપભોગ કરતા હતા. (૫૮)

સુખસુ મીલીયા જેતા કહ્યા, અખી મીલીયાકા અંત ન લહ્યા; ૫૯.

અર્થ : જેટલા બ્રહ્મ સુખમાં મળી ગયા તેટલાઓના નામો કહેવામાં આવ્યા અને બીજા કેટલાક તે બ્રહ્મ સુખમાં મળી ગયા તેનો પાર મળી શકતો નથી. (૫૯)

અસંખ્ય જુગ બિચ નામહી ધ્યાયા, વય સબહી સુખમાંહી સમાયા; ૬૦.

અર્થ : અનેક જમાનાઓમાં જેઓએ ગુરૂ મંત્ર લઇ તેની સાધના કરી તેઓ બધા એ સુખની અંદર લીન થઇ ગયા. (૬૦)

અબ છે માસ ધ્યાન હરદે રહ્યા, શુક્ષમ એક નામ નીજ કહીયા; ૬૧.

અર્થ : જ્યારે ૭ માસ સુધી ધ્યાન દિલમાં રહ્યું અને ઝીકરના નામ સાથે પોતે એકતાર થયા. (૬૧)

એક દિન અચંબા ભયા, સહેજે ધ્યાન નાભીકું ગયા; ૬૨.

અર્થ : ત્યારે એક દિવસ અજાયબ બનાવ બન્યો કે ધ્યાન આપોઆપ નાભી કમળમાં પહોંચી ગયું. (૬૨)

નામહી બિચ રહ્યા નવ માસ, ઓહી ધ્યાન ઓહી સુખ વિલાસા; ૬૩.

અર્થ : (પછી) નવ મહિના સુધી એજ નામની વચ્ચે લીન રહ્યો અને એજ આત્મીક સુખમાં રમતો રહ્યો. (૬૩)

પછમ દિસા હોઈ ચડે આકાશા, જાઇ દેખ્યા અગમ તમાશા; ૬૪.

અર્થ : (પછી) પશ્ચિમ દિશા યાને ડાબે પડખેથી (વંક નાડ મારફત) ધ્યાન આકાશે યાને ભમરગુફામાં ગયું કે જ્યાં કાંઈ ભેદ સમજી શકે નહિ એવી રમતો જોઇ. (૬૪)

બીના મેઘ જહાં અંબર ગાજે, બીના મહોલ જહાં બેઠા છાજે; ૬૫.

અર્થ ; (જેવી કે) વરસાદ વગર આકાશમાં ગર્જના થાય છે અને મહેલ વગરના જરૂખામાં બેઠા હોઇએ એમ લાગે છે. (૬૫)

બીના બાદલ જહાં બરસે મેહા, રહેત પુરૂષ જહાં એક વણ દેહા; ૬૬.

અર્થ : વાદળા વગર વરસાદ વરસે છે અને ત્યાં એક વિદેહી પુરૂષ રહે છે. (૬૬)

કેહી વીધી કરી અંબર ગાજે, બીના મહોલ જહાં બેઠા છાજે; ૬૭.

અર્થ : આકાશમાં ગર્જના કેવી રીતે થાય છે અને કેવી રીતે જરૂખામાં બેઠા છે? (૬૭)

કેહી વીધી કરી બરસે મેહા, કેહી વીધી કરી રહેત પુરૂષ વણદેહા; ૬૮.

અર્થ : કેવા રીતે એ વરસાદ વરસે છે અને કેવી રીતે વિદેહી પુરૂષ રહે છે. (૬૮)

ઘોર અનહદ અંબર ગાજે, મન બેઠા ત્રીકુટીકે છાજે; ૬૯.

અર્થ : આકાશમાં પાર વગરની ઘોર ગર્જના થાય છે અને મન ત્રીપુટી યાને (ઈંગલા, પીંગલા અને સુખમણાના સંગમ)ના જરૂખામાં એસે છે. (૬૯)

ઝરમર વરસે સુખમણા મેહા, રહેત નીરીંજન જહાં વણદેહા; ૭૦.

અર્થ : સુખમણામાં આનંદનો ઝરમર ઝરમર વરસાદ વરસે છે અને ત્યાં વિદેહી નીરીંજન (ખુદાઈ નુર) વરસે છે. (૭૦)

નહિ તુર જહાં હય બી તુરા, નહિ સુર જહાં હય બી સુરા; ૭૧.

અર્થ : ત્યાં શરણાઇ નથી પણ તેનો અવાજ છે અને ત્યાં સુર્ય નથી પણ સુયનુ તેજ છે. (૭૧)

નહિ ગંગ જહાં હય બી ગંગા, નહિ સંગ તહાં હય બી સંગા; ૭૨.

અર્થ : ત્યાં પ્રવાહ નથી પણ જાણે ગંગા વહે છે, ત્યાં કોઈની સોબત નથી પણ મેળો ભરાએલ છે. (૭૨)

કહો કોન સો કહીએ તુરા, કહો કોન સો કહીએ સુરા; ૭૩.

અર્થ : કહી શકશો કે એ શરણાઇનો અવાજ કોને કહેવો અને એ સુર્યનો પ્રકાશ કોને કહેવો? (૭૩)

કહો કોનકું કહીએ ગંગા, કહો કોનકું કહીએ સંગા; ૭૪.

અર્થ : કહી શકશો કે વહેતી ગંગા કોને કહેવી અને એ મેળો કોને કહેવો? ૭૪

અનહદ નાદ બાજે જહાં તુરા, તેજ પુંજ ઉગે જહાં સુરા; ૭૫.

અર્થ : ત્યાં જે જાતનો ગેબી અવાજ થાય છે તેજ એ શરણાઇનો અવાજ છે અને ત્યાં જે પ્રકાશનો અંબાર છે તેજ સુર્યનો પ્રકાશ છે. (૭૫)

ખલકત હુય જહાં સુખમણા ગંગા, સુરતી શબ્દ દોએ મીલી સંગા; ૭૬.

અર્થ: ધ્યાન અને શબ્દ બેઉ એક થાય ત્યારે સુખમણા નાડી રૂપ ગંગા પાસે જાણે ખલકત ભેગી થઇ હોય એવું દેખાય છે (૭૬)

કહો અરૂ લોક કે સારે ભાઇ, વહાંકી મઢીમાં કહી ન જાય, ૭૭.

અર્થ: અને બીજા લોકોની બધી વાતો તો કહી શકાય છે પણ આ વીષેની ખુબીનું વર્ણન થઇ શકતું નથી. (૭૭)

અખંડ શબ્દ ખંડત ન હોઇ, નિશદિન રહેત સુરતમે સોઇ; ૭૮.

અર્થ : ઇસ્મે આઝમનો જાપ અતુટ રહે છે અને હમેશાં તે એના નકશમાં રહે છે. (૭૮)

અમર શબ્દ મરે નહિ જાહીં, રહી સુરત તાં બાંચ સમાઇ; ૭૯.

અર્થ: એ હાલતમાં એ અમર શબ્દ કદી મરતો નથી યાને વિસરાતો નથી પણ ધ્યાન તેની અંદર સમાઇ જાય છે. (૭૯)

અજર શબ્દ ધ્યાનસુ જરીઆ, સહેજેહી કામ મુકિતકા સરીઆ, ૮૦.

અર્થ: પચે નહિ એવો શબ્દ જ્યારે સુરતીના બળે પચી ગયો યાને હજમ થઈ ગયો (એમ બને ત્યારે) સહેજમાં મુકિત મળે છે. (૮૦)

અખર શબ્દ કહુ નહિ ખરેઆ, મીલી કરી બ્રહ્મ અખર હોઇ રહ્યા; ૮૧.

અર્થ: ઇસ્મે આઝમ જે શબ્દ છે તેમાં તો કંઇ પણ ખામીજ નથી, પણ જ્યારે સુરતી તેમાં લાગે છે ત્યારે બ્રહ્મ યાને ખુદાના નુરમાં તે ઓત-પ્રોત થઇ જાય છે. (૮૧)

શબ્દ અકાલ કાલ જહાં નાહિ, નિશદિન રહેત સુરતી તહાં માંહી; ૮૨.

અર્થ: અમર્યાદિત સમય વાળા એ ઇસ્મેઆઝમના રટણને એ હાલતમાં સમયની મર્યાદા હોતી નથી. ધ્યાન રાત અને દિવસ તેની અંદર લાગી રહે છે. (૮૨)

શબ્દ અખંડ ધ્યાનસું દેખા, આવા ગમણકા મટીઆ લેખા; ૮૩.

અર્થ: અતુટ ધ્યાનથી જ્યારે એ શબ્દને જોવાય ત્યારે જીવન મરણની ગણત્રી મટી જાય છે. (૮૩)

શબ્દ અલેખ જુગતીસું લખીયા, જહાં ફ્લ સુરતી મુક્તિકા ચખીયા ૮૪.

અર્થ: નહિ લખી શકાય એવો શબ્દ જ્યારે ગુરૂએ બતાવેલ યુક્તિથી લખાય ત્યારે એના ઉપર ધ્યાન લગાડવાના ફળનો સ્વાદ મુક્તિ રૂપે મળે છે. (૮૪)

શબ્દ અડોલ ભવે નહિ ડોલે, શબ્દ અતોલ તાંહી કોણ તોલે; ૮૫.

અર્થ: શબ્દ એવો મજબુત થઇ જાય છે કે જેમ પહાડને જોઇએ તેટલું તોફાન લાગે તો પણ ખસતો નથી, એવી રીતે શબ્દ અડગ થઇ જાય છે; તે શબ્દની કિંમત થઈ શકતી નથી જેથી તેની કિંમત કોણ કરી શકે? યાને તે અમુલ્ય છે. (૮૫)

શબ્દ અપાર પાર કોન પાવે, શબ્દ અથા થા નહિ આવે; ૮૬.

અર્થ: લા હદ શબ્દની હદને કોણ પામી શકે? એ અનંત શબ્દનો અંત નહિ આવે. (૮૬)

સુરતી શબ્દકા જહાં હુય વાસા, જહાં નહિ ધરણુ નહિ આકાશા; ૮૭.

અર્થ: એક ધ્યાન અને શબ્દનો જે ઠેકાણે વાસ છે, ત્યાં ન તો જમીન છે ન તો આકાશ. (૮૭)

સુરતી શબ્દકી ઉનમુની લાગી, જહાં જનમ મરણકી ખડબડ ભાંગી; ૮૮.

અર્થ: ઉનમુની યાને યોગીના ચિતની અંતિમ અવસ્થા. સુરતી શબ્દમાં એક તાર થતાં અને લીન થતાં યોગીના અંતઃકરણ અથવા મનની છેલ્લી અવસ્થા થાય છે, ત્યારે મરવાની અને અવતરવાની ભાંજગડ નીકળી જાય છે. (૮૮)

જહાં ઈંગલા પીંગલા સુખમણા નાડી, લાગી શબ્દસું ઉનકી તાળી; ૮૯.

અર્થ: જ્યારે ઇંગલા અને પીંગલા નાડીની ચાલ એક થઇ જાય છે ત્યારે સુખમણા નાડીમાં શબ્દ સાથે સુરતી એક તાર થઇ જાય છે. (૮૯)

શબ્દકો દેખે દેહ સંજોગા, સુરતી શબ્દકા લેખ ન જોગા; ૯૦.

અર્થ: દેવયોગે જો શબ્દ તરફનો ખ્યાલ શરીર તરફ જાય તો સુરતી અને શબ્દનો એક તાર થઇ શકતો નથી. (૯૦)

સુરતી શબ્દકી ગાંઠી ગુલાઇ, જ્યું જલમે જલ દીયા મીલાઇ; ૯૧.

અર્થ: જેમ પાણીમાં બીજું પાણી નાંખવામાં આવે તો તે પાણી જુદું દેખાતું નથી પણ એકજ થઇ જાય છે તેવી રીતે સુરતી અને સબ્દની ગાંઠ એક રસ થઇ જાય છે. (૯૧)

એક સમે અબ દેહી છુટે, તોએ સુરતી શબ્દકી ગાંઠી ન તુટે; ૯૨.

અર્થ : એક વખત જો મોત પણ આવે તો પણ સુરતી અને શબ્દની ગાંઠ તુટતી નથી. (૯૨)

શબ્દ નિરીંજન નિરકારા જીસને, ફીર અંજન નહિ ધારા; ૯૩.

અર્થ : શબ્દ જયરે સુરતીની સાથે એક તાર થઇ જાય છે ત્યારે તે આકાર વગરનો બની જવાથી દેખાતો નથી અને ફરીથી દેખાય એવો તે બનતો નથી. (૯૩)

જીસ અંજન ધારા નાંહ કરતા, કરતા સો અજન નહિ ધરતા; ૯૪.

અર્થ : દ્રષ્ટિ શબ્દને હદમાં લેખતી નથી જે એને હદમાં લેખે છે તેને એ દ્રષ્ટિ નથી. (૯૪)

રે રંકાર કિરતાર હમારા, જીસકા હિસે સકળ પસારા; ૯૫.

અર્થ : જે સર્વત્ર વ્યાપક છે તેવા અમારા કિરતારનો બ્રહ્મનાદ સંભળાય છે. (૯૫)

સાહેબ સો સબહીસે મુગતા, મીલી રહ્યા કોઇ જોગી જુગતા; ૯૬.

અર્થ : ખુદાવંદતઆલા બધાથી બંધનરહીત યાને મુકત છે, છતાં યુકિત-પુર્વક ઇબાદત કરનાર તેને મેળવી શકે છે. (૯૭)

અંજન માંહે નિરંજન દેખા, બહુ ધરણેકા છુટા ભેખા; ૯૭.

અર્થ : શુધ્ધ દ્રષ્ટિ થયા પછી દ્રષ્ટિમાં દેખાય એવો ન હોવા છતાં તે જોવા-માં આવે ત્યારે લખચોરાશીના ફેરા મટી જાય છે ૯૭

જહાં ઝરમર ઝરમર અમ્રત જરી હય, સુખમણા સુખમેં ક્રીડા કરી હય ૯૮

અર્થ : જે ઠેકાણે ઝીણી ઝીણી આનંદ રૂપી મીઠાશ વરસે છે તે મીઠાશના સુખમાં સુખમણા રમે છે. (૯૮)

સુખમણા સુખમે સુરતી સમાણી, કહેત જાકી અનભય બાની; ૯૯.

અર્થ : સુખમણા નાડીમાં જ્યારે સુરતી સમાઇ જાય છે ત્યારે અનહદ સુખ પેદા થાય છે ને તેના બોલો નિડરપણે બહાર નીકળી જાય છે યાને તેનું બોલવું બીક વગરનું હોય છે. (૯૯)

ઉપરકા પરચા સબ કોઇ બુજે, બ્રહ્મ પરચાકી બાત ન સુજે; ૧૦૦.

અર્થ : જાહેરના ચમત્કાર તો બધા જાણે છે, પણ ખુદાઇ ચમત્કારની વાત તો કોઇને સુજતી નથી. (૧૦૦)

બ્રહ્મ પરચાકી અનભય કયસી, ભેદી બીના ભેદ કૌન લયસી; ૧૦૧.

અર્થ : ખુદાઇ ચમત્કાર જોનારને ધાસ્તી કેવી, તેનો ભેદ તો તેના જાણકાર વગર કોઇ જાણી શકતું નથી. (૧૦૧)

સુખ સાગર જહાં સુભરહી ભર્યા, તહાં બીચ બ્રહ્મ ગરક હોઈ રહ્યા; ૧૦૨.

અર્થ : આનંદનો દરિયા જ્યાં છલોછલ ભરેલ છે, તેની અંદર યાને બ્રહ્મમાં લીન થઇ જવાય છે. (૧૦૨)

નિજ મન નિજ પદમાં સમાવે, તો યોની સંકટ બહુરીં નહિ આવે; ૧૦૩

અર્થ : પોતાનું મન જ્યારે પોતાપણામાં સમાઇ જાય છે ત્યારે તેને જન્મ મરણના દુઃખો ફરીને આવતા નથી. (૧૦૩)

નિજ પદમે દેખે નિજ રૂપા, સો જન જીવત મુગત સરૂપા; ૧૦૪.

અર્થ : જે કોઇ પોતાપણામાં પોતાના અસલ સ્વરૂપ (આત્મા)ને જુએ છે તે માણસ જીવન મુક્ત બની જાય છે. (૧૦૪)

નિજ પદકી કયા કહું મહિમા પરમા, કુછ કહું તો બી મન હુય શરમા; ૧૦૫.

અર્થ : એ દરજ્જાની ખુબી અને પ્રતાપનું શું વર્ણન કરૂં ? કારણ કે તેમ થઇ શકેજ નહિ અને કદી થોડુંક વર્ણન કરૂં તો પણ મન શરમાઇ જાય છે. (૧૦૫)

સુજત આંખા તીન હીરા પાયા, અંધેકુ ઇતબાર ન આયા; ૧૦૬.

અર્થ : જેની ખરી દ્રષ્ટિ છે તેણે અમુલ્ય ચીજ મેળવી છે, પણ જેઓને એ દ્રષ્ટિ નથી તેઓને ભરોસો આવે નહિ. (૧૦૬)

હીરા બાંધ્યા ગઠડી માંહી, કયા ભયા અંધે માન્યા નહિ; ૧૦૭

અર્થ : ગાંઠમાં યાને ગઠડીમાં હીરા બાંધેલ હોય પણ જેને હીરા પારખવાની દ્રષ્ટિ નથી તો તેમાં તેને શું ફાયદો થાય ? (૧૦૭

બીના સુનીકા એ દેખી બતાયા, ભીન ભીન કરકે સમજાયા; ૧૦૮.

અર્થ : સાંભળ્યા વગરની આ વાતો જોઇને તમને બતાવી અને તેના જુદા જુદા ખુલાસા સાથે સમજાવી. (૧૦૮)

જેસે મેં પહોંચ્યા તેસે મેં કહ્યા, અણ પહોંચ્યા ઇતબાર ન રહ્યા; ૧૦૯.

અર્થ : જેટલે દરજ્જે હું પહોંચ્યો છું તે દરજ્જાની બધી હકીકત મેં કહી છે. જ્યાં સુધી હું એ દરજ્જે ન્હોતો પહોંચ્યો ત્યાં સુધી વિશ્વાસ આવ્યો ન્હોતો. (૧૦૯)

તીન લોક જે કોઈ ફીરી આવે, એક નામ ભજે બીન મુકિત ન પાવે; ૧૧૦.

અર્થ : જે કોઇ ત્રણે લોકમાં યાને સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ સુધી ફરીને પાછો આવે તો પણ ગુરૂમંત્ર યાને ઇસ્મે આઝમનો જાપ જપ્યા વગર કોઇ પણ મુકિત મેળવી શકે નહિ. (૧૧૦)

સાહેબ નામ હય મોહોસર નેડા, ભવ સાગર તરવેકા બેડા; ૧૧૧.

અર્થ : સાહેબ નામ યાને ઇસ્મે આઝમ મારી નજીક છે અને તે પાર ઉતરવાની બેડી યાને નાવ છે. (૧૧૨)

જો કરસી કોઇ કહ્યા હમારા, તો તુંહી તુંહી કરસી એકહી ધારા; ૧૧૨.

અર્થ : જે કોઇ અમારા કહ્યા પ્રમાણે કરશે તો તે વગર અટકે તુંહી તુંહીનો ઝીકર કર્યા કરશે. (૧૧૨)

તુંહી તું સાહેબ નિશ દિન કરસી, તો ભવસાગર નિશ્ચેકર તરસી; ૧૧૩.

અર્થ : તુંહી તુંના ઝીકરને રાત દિવસ જપતો જઇશ તો દુનિયામાંથી નકકી તું પાર ઉતરી જઈશ. (૧૧૩)

જે કોઇ સાહેબ નામ ધ્યાવે, તે હરીજન સાહેબકું પાવે; ૧૧૪.

અર્થ : જે કોઇ ખુદાના નામનું રટણ કરે છે, તેવા ભકતજન ખુદાને મેળવે છે. (૧૧૪)

નામ રટે બીન જનમ ગુમાવે, સમરણ કરતાં સુફલ તન કહાવે; ૧૧૫.

અર્થ : જે લોકો નામનું રટણ કરતા નથી તે લોકો પોતાની જીંદગી ખોઈ નાખે છે. તેઓ જો ઝીકર કરે તો પોતાના શરીરથી સારો ફાયદો મેળવી શકે. (૧૧૫)

નામ રટત અભિમાન હુટાયા, તીન કાલ કરમકા ભય મટાયા; ૧૧૬.

અર્થ : નામનો જાપ જપવાથી હુંપણાનો નાશ થતાં ત્રણ કાળ યાને ભુત, ભવિષ્ય અને વર્તમાન કાળના કરમોના દોષની બીક મટી ગઇ. (૧૧૬)

સમરણ કરતા કરત જન સોહી, નીચ હોતે અતિ ઉતમ હોઇ; ૧૧૭.

અર્થ : નીચ યોનીમાં જન્મ લીધેલ હોવા છતાં ભજન કરવાથી યાને ખુદાના નામનું રટણ કરનાર એ માણસ અત્યંત ઉંચ કોટીનો બની જાય છે. (૧૧૭)

સતજુગ, ત્રેતા, દુઆપુર માંહી, ચોથે કલજુગ કહું મેરે ભાઇ; ૧૧૮.

અર્થ : સતજુગ, ત્રેતા, દુવાપુર અને ચોથા કલજુગની વાતો હે મારા ભાઇઓ તમને હું કહુ છું. (૧૧૮)

છુટે છુટત ભેગે ભજત જેતે, બીન અભિમાન ભજત હુક તેતે; ૧૧૯.

અર્થ : જેટલા છુટી ગયા અને છુટવાના છે તે બધા અહંકાર કર્યા વગર ખુદાની ઇબાદત કરી ગયા અને કરતા રહે છે. (૧૧૯)

સાહેબજીકે નામ અનંતા, નિંદા તજી ભજે સોહી સંતા; ૧૨૦.

અર્થ : ખુદાવંદતઆલાના નામો અસંખ્ય છે. પારકી નિંદા યાને બદગોઇને મુકી જેઓ એ નામનું રટણ કરે છે તેઓજ સંત પુરૂષ કહેવાય છે. (૧૨૦)

અગમ નિગમ પુરાણા કુરાના, સાહેબ મહિમા ભાખત નાના; ૧૨૧.

અથ : પુરાણ, કુરઆન અને નાનકની વાણીમાં ખુદાનો મહિમા અગમ્ય એટલે ગુઢ અને નિગમ એટલે અંત વગરનો યાને જેનો અંત નથી એવી રીતે વર્ણવ્યો છે. (૧૨૧)

અપની કુદરત આપ પિછાને, હુકકી હિકમત ઓર ન જાને; ૧૨૨.

અર્થ : ખુદાવંદ આલમીન પોતાની કુદરત પોતેજ જાણે છે; ખુદાવંદ આલમીનની કરામત બીજો કોઇ જાણી શકે નહિ. (૧૨૨)

ખણમાંહે ભરમંડ જમાવે, ખણમાંહે પુની સકલ સમાવે; ૧૨૩.

અર્થ : એક ક્ષણની અંદર વિશ્વને ઉત્પન્ન કરે છે અને ક્ષણ માંહે ફરીથી બધુ સમાવી દે છે. (૧૨૩)

હકકી હિકમત લખી ન જાઇ, સુનો હો મોમન મેરે ભાઇ; ૧૨૪.

અર્થ : હે મારા મોમનભાઇ તમે સાંભળો કે ખુદાવંદ આલમીનની કરામત ઓળખી શકાતી નથી તેમજ લખી શકાતી નથી. (૧૨૪)

અવરહી સંસા સર્વે સમાવે, ઓર અંતર નિજ નામ ઠેરાવે; ૧૨૫.

અર્થ : બીજા સઘળા વહેમોને દુર કરી અને પોતાના દિલમાં ખુદાવંદતઆલાના નામને નકશ કરો. (૧૨૫)

તાતે અવર વિચાર ન કીજે, જેસે તેસે નીજ નામજ લીજે ૧૨૬.

અર્થ : તે વખતે બીજા કંઇ પણ ખ્યાલ કરવા નહિ. ગમે તેવી મુશ્કેલીમાં પોતાને મળેલ ઝીક્ર ચાલુ રાખવો. (૧૨૬)

નામ લેતે નામીકું પાવે, આપા મેટ નિજ આપ સમાવે ૧૨૭.

અર્થ : ખુદાનું નમ લેતાં લેતાં અંતે ખુદાવંદતઆલાને મેળવે છે. પોતાપણું ભુલી જાય ખુદાના નુરમાં પોતે મળી જાયં છે. (૧૨૭)

નિજ આપા સો વ્યાપક હી ધર્યા, પિંડ બ્રહ્માંડ ચરાચર ભર્યા; ૧૨૮.

અર્થ : પોતે પોતાની મેળે સર્વે ઠેકાણે વ્યાપક થઇ રહ્યો છે. આખા વિશ્વમાં તેમજ શરીરમાં અને જડ તેમજ ચૈતન્યમાં તે ભરપુર રહેલો છે. (૧૨૮)

તા નિરગુણકે ગુણહી અનેકા, સમજી દેખો એક તે એકા; ૧૨૯.

અર્થ : જેને કોઇપણ જાતનો ગુણ હોઇ શકતો નથી, તે અનેક પ્રકારના ગુણો ધરાવે છે; પણ સમજીને જોવાય તો તે એકનો એકજ છે. (૧૨૯)

હક અરૂપી રૂપ હોઇ આવે, સો હરીજન મોમન મન ભાવે; ૧૩૦.

અર્થ : ખુદાવંદઆલમીન નિરંજન નિરાકાર છે, પણ તે પોતાની ઇચ્છાથી શરીર ધારણ કરી પ્રગટ થાય છે, ત્યારે મોમન તેમજ ભકતોન મન પ્રફુલીત થાય છે, યાને આનંદ પામે છે. (૧૩૦)

અનત કલપ જુગ બીતે આગે, તીસમે છુટે જીવ સો જો નિંદમે જાગે ૧૩૧.

અર્થ ; અગાઉ ઘણા કલપ અને યુગ થઇ ગયા તેમાં જે જીવ ગફલતની ઉંઘમાંથી જાગ્યા તેઓએજ મુકિત મેળવી. (૧૩૧)

તીનકી ખાસિયત કીતની ગાવે, કહુત કહત પાર ન આવે; ૧૩૨.

અર્થ : તેના ગુણ ધર્મનું કેટલુંક વર્ણન થઈ શકે ! ગમે એટલું કહો તો પણ તેનો છેડો આવે નહિ. (૧૩૨)

સત જુગમે ચતુર રૂપ લીને, ચતુર ભગત ચીને પરવીને; ૧૩૩.

અર્થ : સતયુગમાં યાને પહેલા યુગમાં ખુદાવંદ આલમીનનું નુર ચારરૂપે પ્રગટયું તેમાં ચાર ભકતે તેને ઓળખ્યા. (૧૩૩)

પાંચ કોટી પહેલાજ સુખદાઈ, સુનો હો મોમન મેરે ભાઇ; ૧૩૪

અર્થ : હે મારા મોમનભાઇ તમે સાંભળો જે પાંચ કરોડીશું પહેલાજ તે વખતમાં સુખ મકાને પહોંચ્યા છે (૧૩૪)

ત્રેતામે તીન રૂપ ધરાએ, હરિશ્ચંદ્ર સતે સોહી પદ પાએ; ૧૩૫.

અર્થ : ત્રેતા યુગમાં ખુદાવંદ આલમીનનું નુર ત્રણ રૂપે પ્રગટયું તેમાં સાતે કરોડીસું હરીશ્ચંદ્ર એ પદવીને પામ્યા અને અમર થયા. (૧૩૫)

દુઆપુર જુગમે દોએ અલખ લીખાવે, નવ કોટીશુ પાંડવ પાવે; ૧૩૬.

અર્થ : ખુદાવંદ નિરંજન નિરાકારે દ્વાપુર યાને ત્રીજા યુગમાં બે સ્વરૂપમાં પોતાના નુરને પ્રગટાવ્યું તેમાં નવ કરોડી સાથે પાંડવો એ રૂપને ઓળખ્યા. (૧૩૬)

કલજુગમે નકલંકી સરૂપા, સબ જીવનકે સાહેબ ભુપા; ૧૩૭.

અર્થ : ખુદાવંદ આલમીનનું નુર કલીયુગમાં નકલંકી સ્વરૂપે પ્રગટ થયેલ છે અને તે બધા જીવોના શાહેનશાહ છે. (૧૩૭)

ખાલક ખેલ એક દિન કરહી, કુડ કપટ સબ પાખંડ હરહીં; ૧૩૮.

અર્થ : દુનિયાને પેદા કરનાર ખુદાવંદ આલમીન એક દિવસ એવી રમત કરશે જે જુઠ-કપટ જેવા બધા પાખડોનો નાશ કરશે. (૧૩૮)

મહેદી ઇમામ જબ છત્ર ધરાવે, દ્વા દશ અનંત મોક્ષ તબ પાવે; ૧૩૯.

અર્થ : ઇમામ મહેદી જયારે દુનિયામાં રાજ્ય કરશે ત્યારે બાર કરોડ અને અનંત કરોડ જીવોને મોક્ષ મળશે. (૧૩૯)

નિરગુણકે ગુણ બહોત હય ભારી, આપે ખેલત ખેલ ખેલાડી; ૧૪૦

અર્થ : એ નિરગુણ યાને ખુદાના ગુણ સમજવા તો બહુ મુશ્કેલ છે કારણ કે અનેક ખેલ પોતે ખેલાડી બનીને કરે છે. (૧૪૦)

શમ્સ દરિયા, દરિયા શોધે, ફકીરી વેષે બહોત પરબોધે; ૧૪૧.

અર્થ : પીર શમ્સ દરિયા, નુરી સમુદ્રની શોધ કરીને ફકીરી વેષ લઈને ઘણાઓને પ્રબોધ કરે છે. (૧૪૧)

જેસે જે કોઈ સમજહી પાવે, તિનહીકું તેસે સમજાવે; ૧૪૨.

અર્થ : જેવી રીતે જે સમજી શકે તેને તેવી રીતે પીર શમ્સ સમજાવે છે. (૧૪૨)

ગુર શમ્સ એ ભેદ લીખાવે, સાચે મોમન સાહેબકું ધ્યાવે; ૧૪૩

અર્થ : પીર શમ્શ એ ભેદ ખોલીને બતાવે છે અને જે સાચા મોમન હોય તેજ હાઝર ઇમામની સેવા કરે છે. (૧૪૩)

હોયા હોએસી હોવણ હારા, ગુર નરકું પુજે શકલ સંસારા; ૧૪૪.

અર્થ : આખી દુનિયામાં જે આગળ થઇ ગયા અને ભવિષ્યમાં થનારાળા છે અને હાલ જે છે તે બધા મોમન શાહ પીરની આરાધના કરતા હતા. કરશે અને કરી રહ્યા છે. (૧૪૪)

તાંતે તીનકી કહી મેં ગાથા, જે કોઇ રહેવે સંહેબકે સાથા; ૧૪૫.

અર્થ : તેટલા માટે મેં તેઓની વાતો કહી છે કે જેઓ હાઝર ઇમામની સાથે મહોબત રાખે છે (૧૪૫)

સો અલીકા દેખે સર્વ વિલાસા, જે કોઇ ખોજે બ્રહ્મ ધ્યાન પ્રકાશા; ૧૪૬.

અર્થ : જે કોઇ એક ધ્યાન થઇ ખુદાઇ નુર મેળવવા શોધખોળ કરે છે, તેજ હઝરત અલી યાને ઇમામે ઝમાનની સઘળી રમતોને સમજી શકે છે. (૧૪૬)

તાંકું ઉપજે દ્રઢ વિસવાસા, કોઇ કરે બ્રહ્મ ધ્યાન અભીયાસા; ૧૪૭.

અર્થ ; જે કોઈ ઇસ્મે આઝમ મેળવીને તેનુ રટણ કરે છે તેનુ ઇમાન પહાડ જેવું મજબુત બને છે. (૧૪૭)

શીખે વિચાર કરી ધ્યાવે નામા, સો મોમન પામે બહેસ્ત મુકામા; ૧૪૮.

અર્થ : તેનું શિક્ષણ મેળવી મનન કરી ઇસ્મે આઝમનું જે રટણ કરે છે તે મોમન બહેસ્તમાં જાય છે. (૧૪૮)

સત મારગકા સાર એ ભાઇ, શમ્શ દરિયા કહી સમજાઇ; ૧૪૯.

અર્થ : હે ભાઇ સતપંથનો જે ભેદ છે તે પીર શમ્શ દરિયાએ કહીને સમજાવેલ છે. (૧૪૯)

ગુરનર પુરે સબકી આશા, જીને કથીઆ બ્રહ્મ ધ્યાન પ્રકાશા; ૧૫૦

અર્થ : જેણે બ્રહ્મજ્ઞાન ખોલીને બતાવેલ છે તે (પીર શમ્શ) દુઆ માંગે છે કે શાહ પીર બધાની ઉમેદ પુરી કરે. (૧૫૦)

(સમાપ્ત)

બુજ નિરંજન

રચનાર: પીર સદરદીન

બુજ નિરંજન.

રચનાર:
મ્હાન પીર સદરદીન

અતિ અચરત કહું એક પએલી, ૧.
જીસથી હોવે વાટ સોહેલી, ૨.
પીયું છાના કયું પરગટ આયા. ૩.
કહોને કોન પીયા ભેખ ફીરાયા? ૪.
લા થી ઉન જાત કહાવે, ૫.
જાંકી બાત કહી ન જાવે, ૬.
ડુબકી લે લે ગોથા ખાવે. ૭.
પીર પયગમ્બર તોએ ન પાવે. ૮.
મહા અગાધ સમુદ્ર કહાવે, ૯.
જાં કો પાર કોઈ ન પાવે. ૧૦.
જો ઇસ સમુદ્રમેં ડુબકી ખાવે, ૧૧.
મરજીવા હોવે સો માણેક લાવે. ૧૨.
ડુબકી લે લે જનમ ગુમાવે, ૧૩.
વાં કો થાગ કણુએક પાવે. ૧૪.

રે તુંહી, મારા સાચા સાંહિયા પિયુજી તુંહી.

નીરાલા નીરીજંન કહીએ, નીરાલી કહીએ કુછ બાતરે,
ગુંગે સ્વપ્ના પાયા, સમજ સમજ પસતાયરે.

(૨)

ન્યારી થે ન્યારી કર કર માને, ૧.
યાંહ ગત થે કુછુ વહાં પીછાને. ૨.
સબ સફાઅત જાંકુ પાવે, ૩.
સો સફાઅત કુન વેદીત કહાવે. ૪.
રૂપ અનુપ અનેક દીખાવે, ૫.
ભાત ભાત પીયા ભેખ ફીરાવે. ૬.

realpatidar.com

નિરંજન (ખુદા)ની ઓળખ.

રચનાર:

મ્હાન પીર સદરદીન

—————:★:—————

એક નવાઇ ભરેલું ઉખીયાણું કહું છું, ૧.

જેનાથી રસ્તો સહેલો મળી શકે. ૨.

ખુદાવંદતઆલા છુપાએલો હતો, તે જાહેર કેવી રીતે થયો? ૩.

ખુદાએ કયો વેશ બદલાવ્યો તે કહો. ૪.

"લા" એટલે સુન્યમાંથી તેની જાત કહેવામાં આવે છે. ૫.

જેની હકીકત કહી શકાય તેવી નથી. ૬.

ખુદાઇ ભેદ લેવા માટે ઉંડા ઉતરીને ગોથા ખાવામાં આવે, ૭.

તો પણ પીર પયગમ્બરો એ હદને પહોંચ્યા નથી. ૮.

ખુદાઇ ભેદનો દરિયો સમજમાં આવે એવો નથી. ૯.

જેથી તેનો અંત કોઇને મળતો નથી. ૧૦.

જો એ ખુદાઇ દરિયામાં ઉંડા ઉતરી, ૧૧.

અને પોતાને ગુમાવી દે તો માણેક રૂપી ખુદાઇ પ્રેમ મેળવે. ૧૨.

પ્રેમના દરિયામાં ઉંડા ઉતરીને જન્મ ગુમાવી દે તો, ૧૩.

તેનો પતો કયારેક લાગે. ૧૪.

એ મારા સાચા મૌલા તુંજ મારો મૌલા છે.

ખુદા, જે આંખે દેખી શકાય નહિ એવો કહેવામાં આવે છે તે સૌથી નિરાલો યાને અલગ છે અને એની વાતો પણ નિરાલી યાને અલગ છે એટલે કહી શકાય એવી નથી. જેમ મુંગા માણસને સ્વપ્નું આવે પણ તે કહી શકતો નથી અને એ પોતે પોતાના મનમાંજ સમજીને રહે છે.

(૨)

એ વાતો અજાયબી ભરેલી છે અને તેને અજાયેબ જેવી માનવી. ૧.

કંઇક જીસમમાં મળ્યો, કંઇક આગળ દરજ્જાનમાં જતા ઓળખાયો. ૨.

બધા ગુણો જેને મળી જાય છે, ૩.

તે ગુણો વેદાંત યાને બ્રહ્મને પહોંચવાનો તરીકો છે. (ફુનના બદલે ફન એટલે તરીકો) ૪.

તે પોતાના ઉતમ અને અસંખ્ય રૂપ દેખાડે છે. ૫.

અને જાતજાતના વેશનું પરિવર્તન કરે છે. ૬.

૪

ઈન દોમેં વહેદત કહીએ, ૭.
જાંકું દો સફાઅતસું લઇએ. ૮.
જામે જા ઇસમકી હોઇ, ૯.
કહે અલુપ વત હોઈ સોઇ. ૧૦.
રબ જહાં તપસી રજા હોઇ, ૧૧.
તાં બુજે બુજણહારા કોઇ. ૧૨.

રે તુંહી... ... ...

જેને રંગ ને રૂપ નહિ, નહિ કુછ નામને ઠામરે;
સો ગુપતા પ્રગટ ભએ, લાખ ધરે તીસ નામરે.

(૩)

નામ નીરંજન કી દોઇ ભાતી. ૧.
એક જાતી એક ભયે સફાતી. ૨.
ઉતમ સબ કહીએ જાતી. ૩.
ઔર ભયે સબ નામ સફાતી. ૪.
જીત પીયા એન આન કહાયા. ૫.
તીત જાહેર નામ ઇસમ ધરાયા. ૬.
જો ઉત થા સો ઇત હો આયા. ૭.
વહાં ઉપર સબ ભેખ બનાયા. ૮.
માન ગુમાન કરો મત કોઈ. ૯.
જો ઉત થા સો ઇત ફેન હોઈ. ૧૦.
હોઈ રહ્યા હોવે ફેન સોઇ. ૧૧.
એ લીખ્યા મીટે ન કોઈ. ૧૨.
એ સબ આલમ ગયેબ કહાવે. ૧૩.
પાકી જાકી કહી ન જાવે. ૧૪.
ખલકત કોઈ નામ ન પાવે. ૧૫.
સબજ પાક જહુર કહાવે. ૧૬.

રે તુંહી... ... ...

ના તીન નામ ને ઠામ હય, ના બીન નામ ને ઠામરે;
જો લો નામ ન કહીએ, તો સબ વાં કે હય નામરે.

તે એમાં નિરંજન નિરાકારી હાલત અને સાકારી હાલત એક કહેવાય છે. ૭.
જેને નિરાકાર અને સાકાર એવા બે ગુણોથી ઓળખી શકાય. ૮.
જેનામાં ઇસમે આઝમ ફેલાઇ ગયો હોય, ૯.
તે પાછો નિરંજન નિરાકાર બની ગયો. ૧૦.
ઝીકર કરવાવાળા જ્યારે ધુળ જેવા થઇ રહે ત્યારે, ખુદાને મેળવે છે; ૧૧.
તેવાને ઓળખવાવાળા કોઇકજ હોય છે. ૧૨.

ઓ મારા સાચા મૌલા......

જેનો રંગ અને દેખાવ નથી; નથી તેનું નામ અને ઠેકાણું, નીરીંજન નીરાકાર જ્યારે પ્રગટ થયો પછી તેના લાખો નામ રાખવામાં આવ્યા.

(3)

નિરંજન નિરાકાર ખુદાના નામની બે જાત છે. ૧.
એક જાતી એટલે અલ્લાહ, બીજા સફાતી એ ગુણવાચક અથવા વિશેશણવાળા છે. ૨.
જાતી નામ જે અલ્લાહ છે તે સૌથી ઉત્તમ છે. ૩.
બાકીના નામો શરીરના જે છે તે વિશેશણવાળા છે, ૪.
જે ખુદા અંહીં અને ત્યાં કહેવાય છે. ૫.
ત્યાં તેણે શરીર ધારણ કરી જાહેર અસલ નામ ધારણ કર્યું. ૬.
જે ત્યાં હતો તે અહીં આવ્યો છે. ૭.
અને ત્યાર પછી બધા રૂપો બનાવ્યા છે. ૮.
કોઇએ પોતાના મનમાં વસવસો રાખવો નહિ. ૯.
જે ત્યાં હતો તેજ આ તરીકામાં યાને જીસમાની રૂપમાં આવ્યો છે. ૧૦.
જે પ્રકારે તે થઇને રહ્યો છે, એજ પ્રકારે રહેવાવાળો છે ૧૧.
જે લખાયલું છે તેને મટાડનાર કોઇ નથી. ૧૨.
એ બધી વાતો આલમે ગયબની કહેવાય છે. ૧૩.
તેની પવિત્રતા ન વરણવી શકાય એવી છે. ૧૪.
દુનિયા તેના નામના ભેદને પામી શકતી નથી. ૧૫.
બધી ચીજો પાક ખુદાની જરૂરાત છે. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

તેનું કોઇ નામ કે ઠેકાણું નથી, તેમજ તે નામ ને સ્થળ વગરનો નથી જ્યાં સુધી તેનું નામ અમુક અમુક છે તે જો ન લો તો તે બધા નામ તેના છે.

(૪)

પછે ખટકયો વાંકો આલમ. ૧.
જાકી બાત અલ્લાહકુ માલુમ. ૨.
આયા હય માલમ સતગુર બાલમ. ૩.
જા કે સાથે રહે સબ આલમ. ૪.
પહેલે રૂહકુ ઝસ હો રોએઆ. ૫.
આખું સફાઅત જીબ્રીલ જોએઆ. ૬.
જો એ ચીતવનકું ન રોએઆ. ૭.
સો સુંદર જાગતહી સોયા. ૮.
ત્રીજો આલમ કહીએ મિસાલ, ૯.
જાકી સુરત પાક કમાલ. ૧૦.
વાંકી અજંપીઆ જાપ માલ. ૧૧.
ઇસ આલમકો એસો હાલ. ૧૨.
જો તોકું ઇસ જુગમાં સુજે, ૧૩.
સો ગમ સબ વાંકી બુજે. ૧૪.
જે દેખે તે યામા સુજે, ૧૫.
જોત બુજ નીરંજન બુજે. ૧૬.

રે તુંહી... ... ...

પીયા રંગ ભમો રંગ હય, ઔર રંગે રંગ દીખાયરે,
જબ ફુ એન દ્રષ્ટી કરે, રગે રગે રંગ સમાયરે.

(૫)

પહેલે ફેઝ ફયાઝથી આવે, ૧.
પીછે મુખ આ અપના દીખાવે. ૨.
વાથી હોઇ મીસાલમેં આવે, ૩.
તાંથી જા શાહાદત પાવે. ૪.
ચોથા મુલક શાહાદત કહીએ, ૫.
ભલા બુરા સબ જામે લઇએ, ૬.
હું તું નીકલ કર જામે કહીએ. ૭.
અલ્લાહ રસુલ ઉત ફેન લઇએ. ૮.
પાંચમાં આલમ તબ દીખલાવે. ૯.
જબ મોનસકી સુરત પાવે. ૧૦.

(૪)

પછી તેણે દુનિયા પેદા કરી. ૧.
જેની વિગત ખુદાને ખબર છે. ૨.
નાવનો સુકાની થઇને વહાલો સતગુરૂ રૂપે આવ્યો છે. ૩.
જેની છાયામાં આખી દુનિયા રહેલી છે. ૪.
પહેલે રૂહને અસલ નુરનો એકાગ્રતાનો ફાયદો જણાયો. ૫.
તે પછી ખુદાઇ સંદેશો આપનારની મદદથી દેખી શકયો. ૬.
જ્યારે એણે એકાગ્રતાથી ન જોયું, ૭.
ત્યારે તે આત્મા જાગતો હોવા છતાં સુતેલો દેખાયો. ૮.
ત્રીજા દરજ્જાને આલમે મિસાલ કહેવામાં આવે છે. ૯.
જેનું સ્વરૂપ પાક અને કમાલીયત ભરેલું છે. ૧૦.
તેને મોઢેથી બોલાય નહિ એવો જાપ મલે, ૧૧.
તો આ દુનિયાનો એવો હાલ બને એટલે પાક સ્વરૂપને મળે. ૧૨.
જો તને આ દુનિયામાં પ્રેમ સ્વરૂપની ખોજ મળે, ૧૩.
તો તને તેના ભેદની સઘળી સમજ પડે. ૧૪.
જો તું જોવા ઇચ્છે તો તે તારામાં દેખાય. ૧૫.
જેથી ખુદાઇ નિરજનની જોતની ઓળખાણ થાય. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

ખુદાઇ ઇશ્કના રંગનો ચળકાટ એવો છે જે દરેક રંગમાં દેખાય છે. જ્યારે તું નિખાલસ દ્રષ્ટીથી જોઇશ ત્યારે નસેનસમાં રંગ સમાવેશ થયેલો જોઇશ.

(૫)

પહેલા બક્ષિશ કરનાર (ઇમામ)ની બક્ષિશ મળે છે. ૧.
પછી એ પોતાનું નુરાની સ્વરૂપ દેખાડે છે. ૨.
ત્યાંથી તે તસવ્વુરમાં આવે છે ૩.
ત્યાંથી એ ફના ફીલ્લાહ થઇ જાય છે. ૪.
ચોથો દેશ ફનાફિલ્લાહનો છે. ૫.
તેમાંથી સારૂં અને નરસું બધું જાણી શકાય છે. ૬.
જેમાંથી હું તું નો દ્રિત્ય ભાવ નીકળી જતાં, ૭.
અલ્લાહ રસુલની જાતી ઓળખાણ એ તરીકાથી મળી શકે છે. ૮.
પાંચમા આલમનો તરીકો ત્યારે દેખાડે છે. ૯.
જ્યારે પ્યારાના સ્વરૂપને મેળવે છે. ૧૦.

જો આપસમેં ઈલમ સમાવે, ૧૧.
તો જમે સબ સફાઅત કહાવે. ૧૨.
હય નાઝલકી બાત તમામ. ૧૩.
બીન ઉરજ ન હોવે કામ. ૧૪.
જાનત હય સબ ખાસજ આમ, ૧૫.
બીન લાલન દીન કીસી ન કામ. ૧૬.

રે તુંહી... ... ...

મોતી જલથી હોત હય, ફીર જલ કહ્યો ન જાયરે,
મુગતા ફલ છેદીએ, સમુદ્ર છેદયો ન જાયરે.

(૬)

એક આલમ સુનો મેરા મીતા, ૧.
રેતી લઈ રસ જા કીતા; ૨.
હેફ કહે જો ખારા મીઠા, ૩.
કહે તુજ યા મે કયા કર દીઠા. ૪.
ગુન અપનેકું ચીત ન લાવે, ૫.
સબ અવગુન આપસમેં પાવે. ૬.
શીશ રાખે કછુ ભાત ન પાવે, ૭.
ઈસ ડરથી કુછુ કામ ન ભાવે. ૮.
જો નબી મહોમ્મદ કરે સફાઅત, ૯.
જાકું હય ઉતમકી રાહત; ૧૦.
જો ગુર મુજપર કરે ઇનાયત, ૧૧.
તો ગુના મેરે સબ હોવે તાયત. ૧૨.
યે પડયો તુજ દેખન પીવ, ૧૩.
જો હય દીન દુનિયાકો જીવ. ૧૪.
ઈસ જુગ માંહે ઇયું કર પીવ, ૧૫.
જીયું દુધ દહીંમે ઘીવ. ૧૬.

રે તુંહી... ... ...

વરેહ રયેન હય નીરમલી, હેત ચીત પીયાસુ લાએરે,
પીયા આવનકી યેહ હય વિરેહ, મત ભોર ભયે પછટાયરે.

જે પોતામાં ગીનાનને સમાવે છે ૧૧.
તો તેમાં બધા ગુણો સમાયલા છે, એમ કહેવામાં આવે છે. ૧૨.
આ બધી વાતો ઉપરથી નીચેના દરજ્જા સુધીની છે. ૧૩.
પણ ઉપર ચડયા વગર કોઇ અર્થ સરતો નથી. ૧૪.
ખાસ અને સઘળા લોકો જાણે છે, ૧૫.
જે ઇમામ વગર ધર્મ કઇ કામનો નથી. ૧૬.

ઓ મારા મૌલા......

મોતી પાણીમાંથી બને છે, પછી તેને પાણી કહેવામાં આવતું નથી,
મોતીને વીંધી શકાય છે, પણ દરિયાને વિંધી શકાતો નથી.

ભાવાર્થ: જેમકે ઇન્સાન ખુદાના નુરના દરીયામાંથી બન્યો છે પણ તે ખુદા કહેવાતો નથી. ઇન્સાનને સુખદુઃખ તકલીફ સ્પર્શ કરે છે પણ ખુદાની ઝાત બે ઐબ યાને પાક છે.

(૬)

મારા મીત્રો એક વાત સાંભળો, ૧.
કે એક વિજ્ઞાનીકે રેતીમાંથી રસ પેદા કર્યો, ૨.
એ રસને ખારૂં મીઠું કહેનારને શરમ છે. ૩.
તુંજ કહે એની અંદર કેવી રીતે તેં જોયું? ૪.
સારા કામો કરવા છતાં પોતાના ખ્યાલમાં લાવતો નથી. ૫.
પરંતુ તેના બદલે બધા અવગુણો પોતામાં જુએ છે. ૬.
માથું સલામત રાખીશ તો પ્રેમનો રંગ લાગશે નહિ. ૭.
એવી રીતે ડરી જઇશ તો તારા કામ સુધરશે નહિ. ૮.
જો નબી મહમદ સફાયત કરે, ૯.
કે તેવણ ઉપર ખુદાની શાંતી રહેલી છે. ૧૦.
અને જો મુરશીદે કામીલ મારા ઉપર બક્ષિશ કરે. ૧૧.
તો મારા બધા ગુન્હા બંદગીમાં લેખાય. ૧૨.
એ પીયુ તને જોવા માટે મળ્યો છે. ૧૩.
જે દીન દુનિયાના જીવન રૂપ છે. ૧૪.
આ દુનિયામાં પીયુ એવી રીતે રહેલો છે, ૧૫.
જેમ દુધ અને દહીમાં ઘી રહેલું છે. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

પ્રીય જનના વિયોગ યાને તલપની રાત સ્વચ્છ છે. એ વખતે પ્રેમ અને ખ્યાલ પીયા સાથે લગાડ, અને પીયાને આવવાની તલપના છે તે લગાડ. નહિ તો સવાર થઇ જતાં તને પસતાવું પડશે.

(૭)

પીયા દરશન કહો કયસે પાઉંએ, ૧.
તજ માયા ઔર ગુરસે જાઉંએ; ૨.
યેહી કરો જે ગુર ફરમાવે, ૩.
તાથે દરશન પીયાકા પાવે. ૪.
કયા સુતા ઉઠ સુંદર જાગા, ૫.
બુરી મનોરથી ઉઠ કર ભાગા. ૬.
જો તેરે મોટે હોવે ભાગા, ૭.
તો નીત ઉઠ ગુરૂ કેરે પાય લાગા. ૮.
એક ચીતવન જો ગુરકી પાવે, ૯.
તો તેરા તન મન નીરમળ હો જાવે. ૧૦.
નીકળંક હોઇ બાર દીખાવે, ૧૧.
દુઃખ ખોવે સબ સુખ ઉપજાવે. ૧૨.
એક નબી ઔર એક ગુસાંઇ, ૧૩.
એક ગુર બીના ચીત ન લાઇ. ૧૪.
ઓર ન ગુંજેઓ મન ઓર જાઇ, ૧૫.
જીવત કો ફલ મુળ ન પાઇ. ૧૬.

રે તુંહી... ... ...

એક અહમદ એક જગત પતી, એક ગુરસું ચીત લાય;
ગુર સેવે અહમદ મીલે, તો અહમદ મીમ ગુમાય.

(૮)

જો પંડીત ઔર સીધ્ધ કહાવે, ૧.
ચતુર સુજાણ સુઘડા હોઇ આવે, ૨.
જપ તપ કરી સબ જનમ ગમાવે, ૩.
બીન ગુરૂ મારગ પ્રેમ ન પાવે. ૪.
જો ચેરી ગુર માયા ન પાવે, ૫.
ધ્યાન ગ્યાન કુછુ કામ ન આવે. ૬.
ઢુંઢત ધોરત જનમ ગમાવે, ૭.
બીન ગુરૂ માયા ન મારગ પાવે. ૮.
જો તું લાખ તબીબ બુલાવે, ૯.
બીન ગુરૂ વેદના ન જાવે. ૧૦.

(૯)

ખુદાવંદ આલમીનના દીદાર કેવી રીતે મળે? ૧.
માયાને મુક અને મુરશીદની સાથે જઇ, ૨.
ગુરૂ હુકમ કરે તે પ્રમાણે કર. ૩
કે જેથી મૌલાનો દીદાર મેળવી શકે. ૪.
હે આત્મા સુતો કે શું? જાગી જા. ૫.
જાગીશ તો તારા ખરાબ વિચારો નાશી જશે. ૬.
જો તું મોટો ભાગ્યશાળી હોય, ૭.
તો હમેશાં વહેલા ઉઠીને મુરશીદને પગે લાગતો જા ૮.
મુરશીદે કામીલ તરફથી એક રતીભાર જો ધ્યાનમગ્ન થઇ જાય, ૯.
તો તારૂં શરીર અને મન પવિત્ર બની જાય. ૧૦.
તને કલંક વગરનો યાને પવીત્ર બનાવી સત્યને રસ્તે તે ચડાવશે. ૧૧.
તો તારા સરવે દુ:ખો દુર થશે અને તને ખુશી પેદા થશે. ૧૨.
એક મુરશીદ અને એક ખુદા. (અલી મોહમદ નુર અલ્લાહ બરહક) ૧૩.
એકજ મુરશીદ વગર બીજે કયાંઇ પણ ધ્યાન લગાડતો નહિ. ૧૪.
અને મનને બીજી જગ્યાએ ભમવા દઇશ નહિ. ૧૫.
નહિતો તારા જીવતા રહેવાનો ફાયદો મુળથીજ નાશ પામશે.
યાને તારૂં જીવતર નકામું જાશે. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

એક નબી અને એક ખુદા, એક ગુરૂ સાથે યાને સત શબ્દ સાથે ધ્યાન લગાડ. જો સત શબ્દનો ઝીકર કરીશ તો જાહેર અહમદ નામમાંથી મીમ રૂપી જીસમાની પડદો નીકળી જતાં અહદ રહેશે એટલે ખુદા મળશે.

(૮)

જો તું જ્ઞાની અને સંત કહેવડાવે, ૧.
ચાલાક અને સ્વચ્છ થઇને આવે, ૨.
ભકતી અને સાધના કરી આખી જીંદગી ગુમાવી દે, ૩.
તો પણ મુરશીદે કામીલ વગર ખુદાઇ ઇશ્કનો રસ્તો મળશે નહિ. ૪.
જ્યાંસુધી ગુરૂના આશીરવાદ યાને મહેરબાની મેળવે નહિ, ૫.
તો ધ્યાન, ગીનાન કંઇ કામ આવશે નહિ; ૬.
અને શોધવા માટે દોડા દોડ કરી જનમ ખલાસ કરી નાંખે, ૭.
તો પણ સતગુરની કૃપા વગર ખરો રસ્તો મળશે નહિ. ૮.
જો તું લાખો હકીમોને બોલાવીશ, ૯.
તો પણ મુરશીદ વગર તારૂં દુ:ખ જાશે નહિ. ૧૦.

વેદના જાવે જો ગુર ચીત લાવે, ૧૧.
દુઃખ ખોવે સબ સુખ ઉપજાવે. ૧૨.
જે ગુરથી જો વેદના જાવે, ૧૩.
સો ગુર સાચા પીર કહાવે. ૧૪.
રે તુંહી... ... ...

બડા ગુર મીલે પીરકું, તોડે રદેહ સબ જારરે,
બીન ગુરૂ પીડા જાવે નહિ, આયા વેદનકા સારરે.

(૯)

જો ફન તું ઇસ જુગમેં આયા. ૧.
ભાગ અભાગ જો અપને લાયા. ૨.
જીને ગુરૂ સામી શાહ પાયા. ૩.
માઇ પુતા સોહી દોનું જાયા. ૪.
વોહ ગુરકા જો દરશન પાઇઓ. ૫.
વાંકે ચરન ઉપર બલ જાઇઓ. ૬.
જો મનમેં ઇચ્છા કરી લાઇઓ. ૭.
સો ફન વે માયાસું પાઇઓ. ૮.
કર જોડું ઔર લટકંધા આયા. ૯.
અયનલ ઇરફાન નામ ધરાયા. ૧૦.
જા પર નહિ ફન વાંકું સાઇઆ. ૧૧.
જીને એ જુગકું બાટ લગાયા. ૧૨.
અએન નબીકા નુર પીછાણો, ૧૩.
તુજ ખાસ અલ્લાહી જાણો. ૧૪.
જો કર કહ્યા મેરા માનો, ૧૫.
ચખ માંગો તો વાહે પીછાનો. ૧૬.
રે તુંહી... ... ...

જીસ ગુરકું સતગુર કહું, સો વે ભયે ઘટમાંયરે,
જો ઘટથી પ્રગટ હોએ, તો રોમે રોમે સુખ પાયરે.

(૧૦)

નબીકા નાયબ હો કર આયા. ૧.
સબ કાહુકે મનમે ભાયા. ૨.
જા પર નહિ ફન વાંકો સાયા, ૩.

,જ્યારે મુરશીદની સાથે ધ્યાન લગાડીશ, ૧૧.
ત્યારે તારા દુઃખ દુર થતાં બધાં સુખની પ્રાપ્તી થશે. ૧૨.
જે મુરશીદથી દુઃખ-પીડા દુર થાય, ૧૩.
તે ગુરૂ સાચો પીર છે યાને દુઃખ દુર કરનાર છે. ૧૪.
એ મારા સાચા મૌલા......

દુઃખ યાને વેદનાવાળાને મોટો ગુરૂ મળે. તો દિલના બધા આવરણોને તે દુર કરી દે છે, કારણકે એ વેદના મુરશીદ વગર જતી નથી. વેદનો ખરેખરો સાર આ છે.

(૯)

જે પ્રકારથી તુ આ દુનિયામાં આવ્યો, ૧.
સાથે સારા અને નરસા પોતાના નસીબ લઇને આવ્યો છે. ૨.
જેને મુરશીદ સામી અથવા શાહ મળ્યો છે, ૩.
તેની માતા અને દીકરા બન્નેનો જન્મ સફળ થયો છે. ૪.
તે મુરશીદના જે દીદાર મેળવે છે, ૫.
તેના ચરણે ફીદા થઇ જાઓ. ૬.
જે મનમાં ઇચ્છા યાને ઉમેદ લઇને આવ્યો છે, ૭.
તે હરેક પ્રકાર તેની મહેરબાનીથી મેળવીશ. ૮.
પ્રેમ કર અને જો કે તે લટકા મટકા કરતો આવશે, ૯.
અને આંખથી ઓળખી શકાય તેવું નામ તેણે ધારણ કર્યું છે. ૧૦.
જેના ઉપર (જન્મ મરણનો) તરીકો નથી તેની મદદ મેળવી લે. ૧૧.
જગતને રસ્તે ચડાવનાર પણ એજ છે. ૧૨.
એને નબીની આંખ (ઇમામ)ના નુરને ઓળખો ૧૩.
તું તેને ખુદા તરીકેજ બરાબર સમજી લે. ૧૪.
જો મારૂં કહ્યું માનીને કાર્ય કરીશ, ૧૫.
અને અનુભવ લેવા માંગીશ તો તું તેવી રીતે અનુભવ મેળવીશ. ૧૬.
એ મારા સાચા મૌલા......

જે મુરશીદને મારો સાચો મુરશીદ કહું છું, તે તો મારા ઘટમાં છે. જો ઘટમાંથી મારા શરીરમાં પ્રસરી જાય તો બાલો બાલમાં સુખ પેદા થાય.

(૧૦)

નબીનો વસી (ગાદી વારસ) થઇને આવ્યો. ૧.
જે બધાના મનમા ગમી ગયો. ૨.
જેઓ તરીકા પર નહિ હતા તેઓના તેણે હાથ પકડયા. ૩.

ભાગ અભાગ સો અપને લાયા. ૪.
વાંકી સેવા કરો સવેરી, ૫.
મત પછટાવો આખર ભેરી, ૬.
સબ જુગ હય ગુર વાંખે ચેરી, ૭.
સો સેવે ભેદ નિરંજન મેરી. ૮.
સુંદર સુજાણ સુગુણી પ્યારા. ૯.
બ્રેહી કહે હું ગુલામ તુમારા, ૧૦.
વેગે કરો વાંકા નિસ્તારા. ૧૧.
વાંકે ઘટમેં કરો ઉજીયારા ૧૨.
જા ગુરથી જો લાલન પાઉં, ૧૩.
અસંખ જુગ માંહે કહાં સમાઉં; ૧૪.
પીયું જલમેં મીસરી હો જાઉં, ૧૫.
બ્રેહથી બંસરી કીલાઉં. ૧૬.

રે તુંહી... ... ...

સાત દીપ નવ ખંડમાં, પ્રગટયો સતગુર શાહરે;
જહાં દેખું તહાં વોહી હય, વોહી હય સબ ઘટ માંહેરે.

(૧૧)

એસો ગુરજો કબહીક પાવે, ૧.
ઔર તોફીક ઈલાહી આવે; ૨.
જો ચીત અપનેકું અંત ન ડુલાવે, ૩.
તબ જા મારગ પ્રેમકા પાવે. ૪.
પહેલે તો તોકું શરીયત બતાવે, ૫.
પીછે રાહ તરીકત લાવે; ૬.
તબ તુજે હાલ હકીકત આવે, ૭.
મારફત કેરી શુધ્ધ બતાવે. ૮.
મુની ગયો ઇયું કરતે બાત, ૯.
જીયું દીપકસું રાહી લેવે હાથ; ૧૦.
તય કર્યો એ જુલમાત, ૧૧.
પાયા આપોહી આબ હૈયાત. ૧૨.
એ જુલમાત તરીકત કહીએ, ૧૩.

સારા અને નબળા નસીબ સૌ પોતે લાવે છે. ૪.
તેની ખિદમત જલદી કરો, ૫.
કે જેથી આખર વખતે પસતાવું ન પડે ૬.
આખી દુનિયા ગુર સાથે છે એટલે ગુર થકી જીવતી છે. ૭.
જો ગુરની સેવા કરે તો ગુરથી નિરંજનનો ભેદ મળે. ૮.
એ પવિત્ર, જ્ઞાની, ગુણવાળો અને વહાલો છે, ૯.
તેને વીયોગી કહે છે હું ગુલામ તમારો છું, ૧૦.
એનો છુટકારો જલદી કરો. ૧૧.
અને તેના દિલમાં રોશની કરો. ૧૨.
જો એ મુરશીદથી ખુદાને મેળવું, ૧૩.
તો અસંખ્ય જુગમાં હું કયાં સમાઇ જાઉં? ૧૪.
પીવાના પ્રેમ રૂપી જલમાં સાકર બની જાઉં, ૧૫.
અને પ્રેમના વિયોગની પીડામાં વાંસળીની જેમ પોકાર કરૂં. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

સાત દીપ અને નવે ખંડમાં યાને જડ અને ચૈતન્યમાં, એ સતગુરૂ શાહ પ્રગટ રહ્યો છે. જ્યાં નજર કરૂં છું ત્યાં તેજ છે અને બધાના દિલમાં પણ તેજ વસેલો છે.

(૨૨)

એવો મુરશીદ જો કદાચ મળી જાય. ૧.
અને જો ખુદાની મદદ આવે, ૨.
પોતાના ખ્યાલને છેલ્લા દમ સુધી એટલે ખુદામાં લીન થતા સુધી ન ડુલાવે. ૩.
તો અને ત્યારેજ ઇશ્કે હકીકીતો રસ્તો મેળવી લે છે. ૪.
પ્રથમ તો ગુરૂ શરીયત એટલે કર્મકાંડ યાને એકડે એકનો રસ્તો બતાવે છે. ૫.
પછી ઉપાસનાનો બોધ આપે છે, યાને મનથી સીધ કરવાનો માર્ગ બતાવે છે. ૬.
ત્યાર પછી તને ખુદાઇ તત્વનો ભેદ જાણવા મળે છે. ૭.
અને ખુદાની નજીક થવાના ભેદો જાહેર કરે છે. ૮.
એવી વાતો કરતાં કરતાં મારફતના ભેદની વાતો સાંભળી ગયો, ૯.
તો જેમ રસ્તે ચાલનાર દીપકના અજવાળામાં રસ્તો મેળવે છે. ૧૦.
તેમ અંધારા રૂપી અજ્ઞાનતામાંથી તું પાર ઉતરી ગયો સમજ. ૧૧.
પછી તને આબે હયાત યાને અમર જીંદગી મળી અથવા
પોતાના રૂહને તેં પોતે જીવતા જીવત દીઠો. ૧૨.
તરીકતનો રસ્તો જે અજ્ઞાનતાથી ભરેલો છે. ૧૩.

બીન અગુએ તો રાહ ન લઇએ; ૧૪.
અગવો હોય તો સબ દુઃખ સહીએ, ૧૫.
યાને સુખ સરોવર લઇએ. ૧૬.

રે તુંહી... ... ...

મહા વિકટ યેહી વાટ હય, બીના અગવે ગયો ન જાયરે;
અગવો હોય એ સંગાત, અમર નિરંતર પાયરે.

(૧૨)

જીને ઇસ મારગ કીયા કબુલ, ૧.
પીછે કબહુી ન હોવે મલુલ; ૨.
કહેતો કલમા નબી રસુલ, ૩.
દોએ જુગમાંહે હોવે કબુલ. ૪.
શરીયત કાજે રાહ ન માને, ૫.
અદના હોવે કયા પીછાને? ૬.
જો યે બુજન બુજ ના માને, ૭.
સો કયા સાર નબીકી જાને? ૮.
યાનું થકી જો મુકર હોવે, ૯.
સો ઉત કયા પાવે ઇતહી ખોવે; ૧૦.
પેટ ભરી જે સુગતા સોવે, ૧૧.
હેફ કામ જો અપના ખોવે. ૧૨.
અમર નબીકા જો નહિ માને, ૧૩.
બહેરા હોવે કયા સુન જાને? ૧૪.
આગેકું તો ચીત ન આણે, ૧૫.
કયા હુવા જો પીછે પસતાણે. ૧૬.

રે તુંહી... ... ...

જીને યેહી શબ્દ ન માનીયા, ન પરછીયા મન ઢોરરે;
આખર ઇનકું શોભા નહિ, ઉત નહિ પાવે ઠોરરે.

(૧૩)

જબ યેહી પડદે ઉકર જાવે, ૧.
જુઠ સાચ સનમુખ આવે; ૨.
ઉત ગયા નહિ ઉત ફીર આવે, ૩.

તે મારગ મુરશીદે કામીલ વગર મેળવી શકાયજ નહિ. ૧૪.
મુરશીદે કામીલને મેળવતાં જે દુઃખો સહન કરવા પડે તો બધા દુઃખ સહન કરવા. ૧૫.
તેનાથી છલોછલ ભરેલું અમર સુખનું સરોવર તને મળશે. ૧૬.

એો મારા સાચા મૌલા......

આ રસ્તો મહા મુસીબતોથી ભરેલો છે, માટે ભોમીયા વગર તે રસ્તે જઇ શકાશે નહિ, જો ભોમીયો યાને મુરશીદે કામીલ સાથે હોય તો તને તેના તરફથી અમર યાને દોરવણી સદા મળતી રહેશે.

(૧૨)

જેણે આ રસ્તો અખત્યાર કર્યો છે, ૧.
તે કયારે પણ દુઃખી થશે નહિ. ૨.
રસુલે મકબુલનો "કદમો" પકીશ, ૩.
તો બન્ને દુનિયામાં તું કબુલાઇ જઇશ ૪.
ફકત શરીયતના લીધેજ એ રસ્તાને લોકો કબુલ કરતા નથી. ૫.
જે નીચી પાયરીયે છે તેને એવી ઓળખાણ કેવી રીતે થાય? ૬.
જો તે એ ભેદને સમજવા માટે શોધ ન કરે, ૭.
તો તે નબી રસુલના ભેદને કયાંથી સમજી શકે? ૮.
જો તેનાથી મોઢું ફેરવીશ, ૯.
તો તું બધુંજ અહીંયાંજ ગુમાવી દઇશ તો પછી તને ત્યાં શું મળશે? ૧૦.
મુકિતની ઇચ્છાવાળા જો પેટ ભરીને ગફલતના ઉંઘમાં સુઇ જાય, ૧૧.
તો તેને ધીકકાર છે કારણ કે તે પોતાનું ખરૂં કામ છે તે ગુમાવી દે છે. ૧૨.
જે નબી રસુલના ફરમાન નથી માનતા, ૧૩.
જેમ બહેરો હોય તે શું સાંભળી શકે? ૧૪.
આગળ વધવાની વાત તો તે ધ્યાનમાં લેતો નથી. ૧૫.
પછી પાછળથી પસતાવાથી શું વળવાનું છે? ૧૬.

એો મારા સાચા મૌલા......

જેણે આવા શબ્દોને ધ્યાનમાં લીધા નથી અને જેના મન ઢોર જેવાં છે, તેને તેની શુધ મળી શકતી નથી તેવાના માટે એ ઠીક નથી કારણકે ત્યાં તેને શાંતી મળનાર નથી.

(૧૩)

જ્યારે આ પડદો યાને ભેદ ખુલ્લી જાય છે, ૧.
ત્યારે સાચું શું અને ખોટુ શું તે સમજાઇ જાય છે. ૨.
જ્યાં કોઇ પહોંચી શકયો નથી ત્યાં તે ફરી આવે છે. ૩.

ફીર રાહા ખુદાઇ પાવે. ૪.
નિશદિન ઝુરે આપ પસ્તાવે, ૫.
તોહુ રાહા નજીકી પાવે; ૬.
જો સંગત ઈસકી જાવે, ૭.
સબ સ્વાદ અપના બતાવે. ૮.
કાટા હાથ ને બહોત પસ્તાવે, ૯.
એસો હાલ બહોર ન પાવે; ૧૦.
માલ હાલ મૌલેકી ગત પાવે, ૧૧.
જો સંગત સુફીકી કી જાવે. ૧૨.
વે માયાસું આપ ગુમાવે, ૧૩.
તો ફિલહાલ કુલ મરતબા પાવે; ૧૪.
જો ભજન કર હીત આપ ગમાવે, ૧૫.
તો પીયાશું મીસરી દુધ જ્યું મીલ જાવે. ૧૬.

રે તુંહી... ... ...

લકડી સકલ શરીર કરે, ગુર મીસરી સંગત લાયરે;
સંગત ગુણકે કારણે, સો લકડી તોલ બીકાયરે.

(૧૪)

મહેનત કર કર જો કુછ લાવે, ૧.
લોક કુટુંબસું આધ બટાવે; ૨.
આધા નામ અલ્લાહ હી કહાવે, ૩.
તોબા દમ હોઈ સુખ દમી પાવે. ૪.
લેખા કારણ જાકું આવે, ૫.
સબસે પહેલા બહેશતમેં જાવે; ૬.
યહાંસે માયા મુલ લુટાવે, ૭.
તબ વે નામ ફકીરી કહાવે. ૮.
જો કોઈ ગયેર' શરીયત ભાગે, ૯.
આધી રાત પાછલી જાગે; ૧૦.

ત્યાર પછી તે ખુદાઇ રસ્તો મેળવે છે. ૪.
રાત દીવસ જે પસ્તાવો કરીને ઝુર્યા કરે છે, એટલે તોબા કરે છે, ૫.
ત્યારે તે નબીએ ફરમાવેલ રસ્તા પર ચડે છે ૬.
અને જો તેની મુલાકાત થઇ જાય, ૭.
તો પ્રેમની સઘળી મીઠાશ તે દેખાડે છે. ૮.
નાદાનીમાં ગુમાવેલી જીંદગી માટે હાથ ઘસી પસ્તાવો કરે તો પણ, ૯.
એવો વખત ફરી પાછો આવતો નથી. ૧૦.
પોતાનાં માલ, હાલ જે મોલાનાં સમજે છે યાને પોતાની ખુદી ગુમાવી દે છે, ૧૧.
અને જ્યારે સંત સુરીની સોબતમાં રહે છે. ૧૨.
અને પોતાને માયાથી અળગો રાખે છે. ૧૩.
ત્યારે તરતજ બધા મરતબા યાને દરજ્જા તે મેળવે છે. ૧૪.
જો ભક્તિ કરતાં કરતાં પોતાને ગુમાવી દે, ૧૫.
તો તે ખુદાની સાથે સાકર અને દુધની માફક મળી જાય છે. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

જેમ શેરડીમાં મીઠાશ રૂપી સાકર હોવાથી સુકેલી લાકડી કરતાં તેની કીંમત વધારે અંકાય છે તેવી રીતે તારા શરીરને શેરડી જેવી લાકડી બનાવીશ અને તેમાં ગુરૂની સોબતથી મીઠાશ રૂપી ગુણ મેળવીશ. તો જેમ શેરડી તોલથી વેચાય છે તેમ તારો દરજ્જો પણ વધશે.

(૨૪)

મહેનત મજુરી કરી કરીને જે કંઇ તું પેદા કરે, ૧.
તેમાંથી અડધો ભાગ કુટુંબના હાજતમંદોમાં વહેંચી આપજે, ૨.
અડધો ભાગ ખુદાના નામપર ખરચજે, ૩.
અને તોબા કરવા માટે તેના તરફ વળજે અને પછી પોતાના
મોઢા તરફ નીવાલો લઇ જજે. ૪.
એવી રીતનો હીસાબ જેને કરતાં આવડશે, ૫.
તે સૌથી પહેલાં બહેસ્તમાં જશે. ૬.
મુળથીજ જ્યારે માયાનો ત્યાગ કરે યાને તન મન ધન લુટાવી દીયે, ૭.
ત્યારે તે ખરો ફકીર કહેવાય છે. ૮.
જે કોઇ શરીયતને રસ્તે થઇને બીજે માર્ગે આગળ વધે છે, ૯.
તે પાછલી અડધી રાતના જાગે છે. ૧૦

સવા પહોર ચીત તપસુ લાગે, ૧૧.
પીછે કામ માયાકે લાગે. ૧૨.
ભુખ માર બહ કહાવે, ૧૩.
માયાકું દિન રાત મીલાવે; ૧૪.
નિશદીન સઘળા તાએતમેં જાવે, ૧૫.
આબીદકા તબ મરતબા પાવે. ૧૬.

રે તુંહી... ... ...

હરી સમરે હરી પાઇએ, હરી સમરે સુખ હોયરે;
નીપટ નીકટ જો હરી વસે, પણ હરી સમરણ નહિ કોયરે.

(૧૫)

નામ જો રૂપ ને ગુન હય સાંહી, ૧.
કયસા કહું પીયા મુજ ઘર આઇ; ૨.
તોકું તુંહી માયાસું પાઉં, ૩.
તો કરૂં વધાઇ મંગલ ગાઉં. ૪.
તલબ કમાલ ઇલાહી આવે, ૫.
તો કડવા મીઠા સમ હો જાવે; ૬.
ભલા બુરા તોહી ચીત ન આવે, ૭.
સ્તુતી નિંદા એકહી પાવે. ૮.
નિંદા ખરાબ હય સો મત કરના, ૯.
નિંદા કરનેસે મુનીવર ડરના; ૧૦.
નિંદા કીયેસું જાશે ધરમ, ૧૧.
ઉપજશે સરવે સીર પર કરમ. ૧૨.
નિંદા થાય ત્યાં બેસવું નહિ, ૧૩.
નિંદા કાનુસે સુણવી નહિં; ૧૪.
એક ઇલાહી સબમેં દેખે, ૧૫.
ભલા બુરા કુ છું નહિ દેખે. ૧૬.

રે તુંહી... ... ...

અયસા દરદ પીયાકા હોવે, જીને લુંટાયા આપરે;
પીયા કારણ માયા તજી, તે કારણ પુન્યને પાપરે.

.અને સવા પહોર સુધી ઇબાદતમાં પોતાનું ધ્યાન લગાડે છે. ૧૧.
ત્યાર પછી જગતના વહેવારના કામકાજ કરે છે. ૧૨.
ભુખે મરે, માર સહન કરે અને લોકો તેને ખરાબ કહે પણ, ૧૩.
પોતે તો રાત દિવસ ઇબાદત રૂપી દૌલત ભેગી કરે, ૧૪.
અને રાત ને દિવસ ઇબાદતમાં ગુમાવે, ૧૫.
ત્યારે આબીદ (બંદગી કરનાર)નો મરતબો મળે. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

ખુદાને યાદ કરવાથી ખુદા મળે છે અને ખુદાને યાદ કરવાથી સુખ મળે છે.

જો કે ખુદા તો દરેકની નજીક લપટાઇને રહેલો છે પણ ઇલાહી ઝીક્ર જેવી બીજી કોઇ ચીજ નથી.

(૧૫)

ખુદાના નામમાં રૂપ અને ગુણ છે. ૧.
મારા દિલ રૂપી મંદિરમાં તે આવ્યો છે તે કેવી રીતે સમજાવી શકું? ૨.
તને તારી માયાથીજ મેળવી શકું ૩
અને પછી તારા વધામણા કરીને આનંદના ગીતો ગાઇશ. ૪
જ્યારે કમાલિયત વાળી ખુદાઇ તલબ જાગશે, ૫.
ત્યારે કડવું કે મીઠું એક બની જશે યાને તારામાં સર્વત્ર સમભાવ પેદા થશે. ૬.
આ સારૂં છે કે આ નરસુ છે એવી વૃતિ તારા મનમાં પેદા નહિ થાય. ૭.
તારા કોઇ વખાણ કરે કે તારૂં કોઇ ખરાબ બોલે તે બધું તારે મન સરખુંજ જાણવું ૮.
કોઇની નિંદા કરવી એ ખરાબ વસ્તુ છે માટે કરીશ નહિ. ૯.
હે મોમીન નિંદા કરવાથી ડરતો રહેજે. ૧૦.
નિંદા કરવાથી તારૂં પુન્ય નાશ પામશે, ૧૧.
અને બધી જાતના પાપ તારા ઉપર ચડશે ૧૨.
જ્યાં નિંદા થતી હોય ત્યાં બેસીશ નહિ. ૧૩.
નિંદા કાનથી સાંભળીશ નહિ. ૧૪.
બધાંમાં એકજ ખુદાને જોજે. ૧૫.
કોઇને સારો નરસો સમજીશ નહિ. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

જેણે પોતાપણું ગુમાવી દીધુ છે તેનેજ પોતાના માશુક માટે એવી પીડા થાય છે.

જે માયાને પ્રતાપે પુન્ય અને પાપના બંધનમાં પડવું પડે છે એવી માયાનો એણે પોતાના મહેબુબ માટે ત્યાગ કર્યો છે.

(૧૬)

પીઊ હાલ મજાહેદ્દ આવે, ૧.
ચેહી કરે જે નફ્સ નભાવે; ૨.
ભલા બુરા એકસા હો જાવે, ૩.
તબ તું લહા મશાયેખ પાવે. ૪.
વખત મલામતકા જબ આવે, ૫.
અપની નેકી અમલ દિખલાવે; ૬.
બુરા અમલ પ્રગટ છીપાવે, ૭.
તબ પીયાકું અયસા હર ભાવે. ૮.
નિશદીન દરદ પીયાકા જાગે, ૯.
સબ લટકે ઇસ પીછે લાગે; ૧૦.
પીયા કારણ જીને આપ ગમાયા, ૧૧.
સીર, દાઢી ઔર મુંછ મુંઢાયા. ૧૨.
કાલા મોં કર જગ દીખલાયા, ૧૩.
તો લાલનકી લાલી પાયા. ૧૪.

રે તુંહી... ... ...

કાલા મોં કર જગ ફરે, દાઢી, મુંછ મુંઢાએરે,

જગ નિંદા સબ સીર ધરે, તો પીયાકે મન ભાયરે.

(૧૭)

લોક કુટુંબ સબ મીલકર આવે, ૧.
પણ નસીહત કર સમજાવે; ૨.
વાંકો હાલ ઔરકું છીપાવે, ૩.
મરી મલામત ફીર ફીર જાવે. ૪.
માતા પિતા ઔર આપકી નારી, ૫.
બહેન ભાઇ ઔર સાસુ સાસરી; ૬.
સબ મીલ આવે બારી બારી, ૭.
ઉનકું સુન સુન દેવે ગાલી. ૮.

(૧૬)

પછી તેની હાલત ધર્મ યુધ્ધના લડવૈયા જેવી થઇ જાય છે. ૧.
જેને નફસે અમ્મારા યાને દુષ્ટ મન નિભાવે છે એવા દુર્ગુણો સામે એમજ
કરો યાને તેની સામે ધર્મ યુધ્ધ કરી તેનો નાશ કરો. ૨.
જ્યારે સારૂં અને નરસું તારી નજરમાં એક સરખું થઇ જશે, ૩.
ત્યારે તું મશાએખનો દરજ્જો મેળવીશ. ૪.
જ્યારે તારા ઉપર ખોટા આળો આવે ત્યારે, ૫.
તારી ભલાઇના કાર્યોને પ્રગટ કરીશ નહિ. ૬.
અને તારાથી થયેલાં ખરાબ કાર્યોને ખુલ્લાં કરી દેજે યાને
પોતાને ખરાબ ગુન્હેગાર તરીકે જાહેર કરજે ૭.
એમ થશે ત્યારે તું મઆશુક ખુદાનો પ્યારો બનીશ. ૮.
અને ત્યારે રાત અને દિવસ મઆશુકની યાદની પીડા જાગશે, ૯.
અને એની પાછળ તું દિવાનો બની જઇશ. ૧૦.
જેણે એ મુજબ પોતાના માશુકના માટે પોતાને ગુમાવી દીધો
યાને તેની પાછળ મજનું બન્યો. ૧૧.
તેણે પોતાના શીર દાઢી અને માથું બોડાવી નાંખ્યુ યાને સર્વસ્વનો ત્યાગ કર્યો. ૧૨.
જ્યારે દુનિયાને પોતે નિર્લજ મોંઢાનો કરી દેખાડે છે, ૧૩.
ત્યારે તેને માશુકની ખુબસુરતી પ્રાપ્ત થાય છે. ૧૪.

ઓ મારા સાચા મૌલા......

જ્યારે દુનિયાની પરવાહ કર્યા વગર બદનામ થઇને દુનિયામાં વિચરે અને ડાઢી અને માથું બોડાવી નાંખે યાને ખુદીને ખોઇ નાંખે અને દુનિયાની બધી બદગોઇ માથે ચડાવે ત્યારે તે મઆશુકના દિલને ગમે.

(૧૭)

પછી માણસો અને સગા વહાલાંઓ આવી, ૧.
તેને શિખામણ આપી સમજાવે છે. ૨.
અને તેઓ તેની ખરી હાલત બીજાથી છુપાવે છે. ૩.
તેને મેણા મારી સમજાવવા ફરી ફરીને આવે છે. ૪.
માત પિતા અને પોતાની ઘરવાળી, ૫.
બહેન, ભાઇ, સાસુ અને સાસરીયા, ૬.
એ બધા તેને ઘડી ઘડી સમજાવવા આવે છે. ૭.
તેઓની વાતો સાંભળી મસ્તીમાં આવી જેમ ફાવે તેમ તે બકે છે. ૮.

માતા પિતા કહે બગડયો પુતા, ૯.
પ્રેમ પ્રેમ પીયાલા પીતા; ૧૦.
નાર કહે યે કહીં વિગુતા, ૧૧.
લોક કુટુંબ કહે લાગો ભુતા. ૧૨.
ઘટસે પ્રેમ જો ઉપજે ભારી, ૧૩.
માતા પિતા સબ પ્રેમે વિસારી. ૧૪.

રે તુંહી... ... ...

ભોરા લોક જાને નહિ, મોહો મન વર હયે ભોહોરરે;
પીયા પતિ જબ ચીત ચડયો, તબ ભુલ ગયો સબ દોરરે.

(૧૮)

સબ જુગ જીને સુંદરને છોડા, ૧.
સો કાહુકા સંગ ન સોડા; ૨.
નરૂ નર હય વહીત કોરા, ૩.
કાહા કરત હય જોરા તોરા. ૪.
સુખ થોણા દુઃખ અદકા પાવે, ૫.
અપની મેરી મેહેર ન આવે; ૬.
કાહા કરત હય પનવા પર ફેરા, ૭.
સુન નસિહત કરો ઘણે ઘણેરા. ૮.
એક ફેન અપને લાલન કેરા, ૯.
મત કો ભાંખો મેરા તેરા; ૧૦.
ભુખ દુઃખ સબ વાં પર આવે, ૧૧.
જીત આવે તીત ઠોર ન પાવે. ૧૨.
જો પીયાકો દુઃખ દરદ ન ભાવે, ૧૩.
તે સુખ તેરે કુછ કામ ન આવે; ૧૪.
સુખ કારણ જીને જનમ ગમાવે, ૧૫.
બીન દુઃખ સુખ કબહુ ન પાવે. ૧૬.

રે તુંહી... ... ...

ઘટ ઘટ તેરા ચીત નહિ, ઓ ઘટ તેરી ધુડરે;
દુઃખ તુમારા મર રહ્યા, કરો માયા તન સુરરે.

ત્યારે તેના માબાપ કહે છે કે આ છોકરો વંડી ગયો છે. ૯.
એણે પ્રેમની મસ્તીથી ભરેલો પ્રેમનો પ્યાલો પીધો છે. ૧૦.
તેની ઘરવાળી કહે છે કે એ કયાંક ભ્રમણામાં આવ્યો છે,
યાને બીજે રસ્તે ચડી ગયો છે. ૧૧.
લોક અને સગાવહાલાં વળી કહે છે કે એને ભુત વળગ્યું છે. ૧૨.
પરંતુ તેના ઘટમાં પ્રેમનો એટલો બધો જોશ ઉભરાયેલો હોય છે કે, ૧૩.
પોતાના માત પિતા અને સઘળાના પ્રેમને તે ભુલી ગયો છે. ૧૪.

ઓ મારા સાચા મૌલા......

નાદાન માણસો જાણતા નથી કે એને પોતાના મહેબુબનો હદ વગરનો પ્યાર થઇ ગયો છે. મૌલા જેવો ધણી જ્યારે એના ખ્યાલમાં વસી જાય છે, ત્યારે સર્વે જગતના દોર દમામને તે ભુલી જાય છે.

(૧૮)

જે જીવે બધા સાથે સંબંધ છોડી દીધો છે, ૧.
તે કોઇની સોબત કરતો નથી કે કોઇની નજીક જતો નથી. ૨.
તે મરદોમાંની મરદ અને સાફ દિલનો છે. ૩.
તેની સામે જોડ તોડ કરવાની શું હોય? ૪.
તેણે તો દુનિયાના સુખને મુકી વધારે મુસીબતો ઉપાડી લીધી છે. ૫.
પોતાની સ્ત્રીને પણ તેની દયા આવતી નથી. ૬.
પાણીના આરે શું ફેરા મારી રહ્યો છે? ૭.
મારી આ શિખામણને માની વધુમાં વધુ કાર્ય કરતો રહેજે. ૮.
જો એક તરીકા યાને રસ્તો મારી માશુક યાને મૌલાનો મળે. ૯.
તો પછી આ તારૂં ને આ મારૂં છે એવું બોલીશ નહિ. ૧૦.
ભુખે મરવું તેમજ બીજા દુઃખો તેવા આશક પર આવે છે, ૧૧.
પણ ત્યાં તે હમેસના માટે ટકી રહેતાં નથી. ૧૨.
જો ખુદા તરફના સંકટો તને પસંદ નથી, ૧૩.
તો પછી દુનિયાના સુખ તને કાંઇ કામ આવશે નહિ. ૧૪.
સુખ મેળવવા માટે જનમારો ગુમાવીશ. ૧૫.
પરંતુ દુઃખ વગર સુખ તને કદી મળશે નહિ. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

તારા દિલમાં ખુદાના ખ્યાલો નથી તો તેવું તારૂં દિલ ધુળ જેવું છે. તારૂં દુનિયાનું દુઃખ મુડદા જેવું છે. તારા માયારૂપી શરીરમાંથી પ્રેમનો પોકાર કર.

(૧૯)

ગુર જો બાટ હકકી લાવે, ૧.
પહેલે નસિહત ઇસ બાત બતાવે; ૨.
કરતવ વચે જો તેઓ ઉઠાવે, ૩.
આપો આપ નિરંજન પાવે. ૪.
જબ તૌફીક ઇલાહી આવે, ૫.
તબ પીર કેરા ધ્યાન લગાવે; ૬.
અલ્લાહ અલ્લાહ કર આપ ગમાવે, ૭.
ઇલલ્લાહ કર સાજન પાવે. ૮.
કલીરત કલીરત મની ગમાવે, ૯.
કોન સંગ ઔર બગ ધ્યાન લગાવે; ૧૦.
અદુ અલીકું મુલ ઉઠાવે, ૧૧.
સો સેવેગા નિરિંજન પાવે. ૧૨.
લાન ખતરા સબહી ખોવે, ૧૩.
મન મનોરીકું સબ ધોવે; ૧૪.
ઝીકર સઘળાકી ખેતી બોવે, ૧૫.
નુર તજલ્લી ગુર ફલ જોવે. ૧૬.

રે તુંહી... ... ...

ખેતી બોવે પ્રેમકી, પાણી દેવે ગીનાનરે,
નુર તજલ્લી ફુલ ફલે, જો લાગે પીયાસું ધ્યાનરે.

(૨૦)

જાકું નુર તજલ્લી હોઇ, ૧.
તાંકી ગત કયા જાને કોઇ? ૨.
લાજ સબ કુછ વામે ધોઇ, ૩.
જે નહિ વહાં થે સો ફ્ન હોઇ. ૪.
કબહુએક પાવે કબહુએક ખોવે, ૫.
કબજ વસ્ત અંહિ સબ હોવે; ૬.
કબહુએક હસે કબહુએક રોવે, ૭.
કબહુએક લાગ પીયા ગલ સોવે. ૮.

(૧૯)

મુરશીદ જ્યારે હકીકતને રસ્તે લઇ જાય, ૧.
ત્યારે પહેલી શિખામણ એ વાતની કરે છે કે, ૨.
જે તું કરી રહ્યો છે તેમાંથી હુંપણું કાઢી નાખ. ૩.
તો તને આસાનીથી ખુદા મળે. ૪.
અને જ્યારે ખુદાને મેળવવાની શકિત આવે, ૫.
ત્યારે મુરશીદે કામીલ સાથે ધ્યાન લાગે. ૬.
ખુદા ખુદા કહેતાં પોતાપણું ગુમાવી દે, ૭.
અને ખુદા શીવાય બીજી ચીજની હસ્તી નથી એમ જાણે છે,
તે સાજન યાને ખુદાને મેળવે છે. ૮.
માન ગુમાન, અહંકાર મનથી તજી દે, ૯.
બીજા સાથે બગલા ભગતની જેમ ધ્યાન લગાડે તેથી શું ફાયદો? ૧૦.
અલ્લીનો દુશમન જે મન છે તેને જડમુળમાંથી કાઢી નાખીશ, ૧૧.
તો તું ખુદાના ચરણની સેવા કરી શકીશ. ૧૨.
લાનત થવાનો ભય દિલમાંથી બધો કાઢી નાંખે, ૧૩.
અને મનની બધી ઇચ્છાઓને ધોઇ નાંખે, ૧૪.
અને દિલરૂપી ખેતીમાં ખુદાના ઝીકર રૂપી બી વાવે, ૧૫.
ત્યારે ગુર પ્રતાપે નુરની ચમક યાને રોશની તારા જોવામાં આવે. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

દિલરૂપી ખેતીમાં પ્રેમ રૂપી બી વાવી, તેમાં ઇબાદતનું પાણી સીંચતો જાય તો ખુદા તરફના તજલ્લીના ફુલમાંથી દીદાર રૂપી ફળ મળે કે જ્યારે પોતાના મહેબુબ સાથે ધ્યાન એક તાર થઇ જાય.

(૨૦)

જેને નુરનો પ્રકાશ થાય છે, ૧.
તેની ગતી યાને રીત રસમની બીજાને શું ખબર પડે? ૨.
તેણે પોતાની શરમની પરવા કરી નથી યાને દુનિયાની લાજ
તેની અંદર ગુમાવી દીધી છે ૩.
ત્યારે એવી એવી બાબતો બને છે કે જે અહીં નથી હોતી. ૪.
કયારેક તે શુધીમાં હોય છે વળી કયારેક તે શુધ ગુમાવી બેસે છે. ૫.
વળી આવી હાલતમાં બધી ચીજો તેના તાબે થાય છે. ૬.
કયારેક તે રાજી થાય છે, કયારેક તે રડે છે. ૭.
અને કયારેક પોતાના મહેબુબને ગળે લગાડીને તે સુઇ જાય છે. ૮.

હાલ મશાએખકો જબ આવે, ૯.
તો સબ કો જા પીયાકું પાવે; ૧૦.
જેસે દેખે તેસેહી ઉબલ જાવે, ૧૧.
જીમ કરહીલ ફુલેલ પટાવે. ૧૨.
ગએર ગયેરીયત સબ ઉઠ જાવે, ૧૩.
બુરા ભલા સબ તોકું ભાવે; ૧૪.
રાહત આવે સબ દુ:ખ જાવે, ૧૫.
ઇસ ફેન ઇશ્ક ઇલાહી આવે. ૧૬.

રે તુંહી... ... ...

કહાંસુ રીસું ને કહાં સું મીલું, કહાં સું લાવું ચીતરે,
નયેન માંહેરે ચાહેકો, યેહી વેરી યેહી મીંતરે.

(૨૧)

મતલબકો હાલ જો આવે, ૧.
અજબ અજાયેબ હાલ જો પાવે; ૨.
કબુએક આપસમેં હરી પાવે, ૩.
કબુએક હરમાં ડોલ ડુલાવે. ૪.
જાંકો હાલ ન બુજ્યો જાવે, ૫.
તાકી બાત ન કાડુી મન આવે; ૬.
કરૂબન વાફલ જબ કીલાવે, ૭.
ખન માંહે કરૂબ ફિરાએ જપાવે. ૮.
જો તું ઇલમ હક હો જાવે, ૯.
આપસકું ફેલફન પાવે; ૧૦.
એ ઇસ્મ જબ ચીતમાં આવે, ૧૧.
કરૂબન વાફલ તબ કહેલાવે. ૧૨.
જો આપસકું ઇલમ જાને, ૧૩.
ફેલ હાકમ તલીકા પીછાને; ૧૪.
મેરે ચીતકો ગ્યાન બખાને, ૧૫.
કરૂં ફરીયાદ તોએત ઠાને. ૧૬.

રે તુંહી... ... ...

પીયા ઢુંઢણ હુ ચ:ી, પીયા હય સબ ઠાંયરે;
ખન ગુપત ખન પ્રગટ હય, સો પીયા કયસે પાયરે?

જ્યારે ઉચા દરજ્જાનો અનુભવ તે મેળવે છે, ૯.
ત્યારે તે બધી ગલીઓમાં યાને બધી જગ્યાએ પીયાનેજ જુએ છે. ૧૦.
જેવો માશુકને તે જુએ છે તેવોજ એને ઉમળકો આવે છે. ૧૧.
જેમ ફુલમાંથી અતર ખેંચવામાં આવે છે, તેવી રીતે તેના
શરીરમાંથી પ્રેમની ખુશબો ખેંચાઇ આવે છે. ૧૨.
દ્વિત્યભાવ યાને આ તારૂં ને આ મારૂ છે તે બધું તેનામાંથી નીકળી જાય છે. ૧૩.
તેને કોઇ સારો કહે કે ખરાબ કહે તો પણ તેના મન પર તેની અસર
થતી નથી. એતો એવી બધી વાતો સાંભળીને હસ્યા કરે છે. ૧૪.
તેને આવી શાંતી મળવાથી તેની બધી પીડાઓ દુર થઇ જાય છે. ૧૫.
આવા તરીકાથી ખુદાઇ પ્રેમ તે મેળવે છે. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

કોનાથી નારાજ થાઉં? કોની મુલાકાત લઉં? અને કોની સાથે ધ્યાન લગાડુ? કારણ કે મારી આંખોમાં તો મારા મૌલા માશુકની મસ્તી ભરેલી છે. હું તો દુશ્મન અને મીત્રમાં તેનેજ જોઉં છુ.

(૨૧)

જે ઇચ્છા દિલમાં કરે અને તેવી હાલતમાં જ્યારે તે આવે, ૧.
ત્યારે નવાઇ ઉપજે એવી હાલત તે મેળવે છે. ૨.
અને ક્યારેક તે પોતામાં ખુદાને જુએ છે. ૩.
ક્યારેક ખુદાની પ્રેમભરી મસ્તીમાં તે ડોલતો હોય છે. ૪.
આવા માણસની હાલત સમજી શકાય તેવી રહેતી નથી. ૫.
અને તેની વાતો એવી બની જાય છે જે કહી કે સમજી શકાતી નથી. ૬.
તેની નજીક થવા માટે જ્યારે તે આજીજી કરે છે, ૭.
ત્યારે તે વળી જરા વારમાં તેની નજીક ફેરવવાં માટે જાપ જપતો રહે છે ૮.
જ્યારે તને ખુદાની મારિફત થશે, ૯.
ત્યારે તું પોતાને એક રમકડા જેવો જોશે ૧૦.
નામની સાથે જ્યારે તું એકતાર થઇ જશે, ૧૧.
ત્યારે તું પોતાને આજીજી કરવાવાળો અને નજીક થવાવાળો કહેવડાવીશ. ૧૨.
જો તું પોતાને ઓળખીશ, ૧૩.
તો ખુદાની રમતોની બધી ચાવી તું જાણી જશે. ૧૪.
મારા આવા ખ્યાલને જે ગીનાની છે તે વખાણે છે. ૧૫
હું ફરીયાદ કરૂં છું તે તને ઓળખીને એટલે તારૂંજ ઘર દાદ
આપનાર છે એમ સમજીને કરૂં છું. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

મારા માઅશુકને ગોતવા તો નીકળી પણ તે તો સઘળે ઠેકાણે ભરપુર છે. ક્યાંક તે જાતી સ્વરૂપમાં દેખાય છે તો વળી ક્યાંક તે સફાતી સ્વરૂપમાં હોય છે. એવો માશુક કેવી રીતે મળે?

(૨૨)

હાલ હકીકત કો જબ આવે, ૧.
આપસકું જબ મુલ ઉઠાવે; ૨.
આપ નિરંજન હોકે જાવે, ૩.
અયનમેં બાગોદ્દ તબ કીલાવે. ૪.
જો તોહી દિલ ઇલ્લાહી આવે, ૫.
અયેન ગયેન સબ ઉઠ કર જાવે; ૬.
આપસકા જબ જલવા પાવેં, ૭.
મુલહેદ્દ કાફર નામ ધરાવે. ૮.
સુંદર કેરા હાલ ન જાને, ૯.
બુરી ભલી સબ જગત બખાને; ૧૦.
કાહેકું વે ચીત ન આને, ૧૧.
સબ જલવા આપસકું આને. ૧૨.
અયનલ હક અંતહી ફલ ભાંખે, ૧૩.
જબ લીઝઝત મનસુરી ચાખે, ૧૪.
જાકર હાફઝ મરતબા રાખે, ૧૫.
લાજ સબ કુછ સબ કુલકી નાંખે. ૧૬.

રે તુંહી... ... ...

જબ દેખે સબ આપકું, ઔર ન પાવે કોયરે,
કાંએ ન ભાંખો અયનલ હય, અયેનલ નિરીંજન હોયરે.

(૨૩)

વલી મુલ્લા ઔર કાઝી આવે, ૧.
લાખ ફતવા ઔર મારફત પહોંચાવે; ૨.
ઇસ ફતુર કર તોર મીલાવે, ૩.
વેરી હો કર મારને આવે. ૪.
સબ દુરીજન મીલી મુલ્લાં આવે, ૫.
કુફર ફતવા જો કુછ લાવે; ૬.
બરછી જમંદર તીર લગાવે, ૭.
સુંદરકે લઇ દ્વાર ચલાવે. ૮.
હેદ્દ જો વાંકો હાલ ન પાવે, ૯.
મુલ્લાં દાનેશમંદ કીલાવે; ૧૦.

(૨૨)

જ્યારે હકને મળવાના રસ્તાની જે સમજ મેળવે છે, ૧.
ત્યારે તે પોતાની કિંમત કોડી જેટલી પણ સમજતો નથી. ૨
પોતે પોતામાં ખુદાને જુએ છે, ૩.
ત્યારે તેની આંખ ખુદાને ઓળખવાવાળી કહેવાય છે ૪.
જો તારા દિલમાં ખુદા વસી જાય તો, ૫.
તારૂ અને મારૂં યાને હું તું નીકળી જાય. ૬.
ખુદાઇ જલવો (મનસુરના જેમ) જ્યારે જેના જોવામા આવે. ૭.
ત્યારે લોકો તે ભેદને ન સમજવાથી તેને બે ઇમાન અને
કાફર કહીને પોકારે છે. ૮.
પવિત્ર રૂહાની હાલતની તેઓને ખબર નથી પડતી. ૯.
દુનિયાના લોકમાંથી કોઇ ખરાબ કહે છે તો કોઇ સારૂં કહી વખાણ કરે છે ૧૦.
શા માટે તેઓ આ બાબતમાં ધ્યાન આપતા નથી? ૧૧.
કે સઘળો ખુદાઇ જલવો છે તે પોતાપાંજ છે. ૧૨.
જ્યારે મનસુરે લીજત ચાખી હતી તેવી લીજત જ્યારે તે ચાખે છે, ૧૩.
ત્યારે તેના આખરી ફલ તરીકે તે અનલહક બોલવા લાગે છે. ૧૪.
ત્યારે છુકર કરનારનો દરજ્જો રાખનાર તે લેખાય છે. ૧૫.
પોતાના કુળની બે ઇજ્જતી થાય તો પણ તેને પરવા રહેતી નથી. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

જ્યારે જુએ છે ત્યારે પોતે પોતાનેજ જુવે છે, બીજો કોઇ દેખાતોજ નથી ત્યારે શા માટે હું ખુદા છું એવું નથી બોલતો? કારણ અનલહક એ પોતેજ નિરિંજન છે.

(૨૩)

મુલ્લાં, મોલવીયો અને કાજીયો, ૧.
આવીને મારિફત વીનાના (શરાના) લાખો ફતવા બતાવે છે. ૨.
આવા ફિતુરી થઇને એક બીજાની સાથે મળી તેનો તોડ કાઢે છે, ૩.
અને દુશ્મન થઇ મારવાને આવે છે. ૪.
બધા મોલવીઓ અને ખરાબ લોકો ભેળા થઇને આવે છે, ૫.
અને કાફરનો ફતવો લગાવે છે. ૬.
બરછી, જમીયો, તીર મારીને, ૭.
ખુદાના માનેલાઓને લઇને કોર્ટ દરબારે તેઓ લઇ જાય છે. ૮.
ધીક્કાર છે તેઓને કે જેમણે તેઓના ભેદને જાણ્યા નથી, ૯.
જો કે મોલવીઓ પોતાને અકલવાળા કહેવડાવે છે. ૧૦

જીસ દાનતથી ભુલા જાવે, ૧૧.
ઉસ દાનતકું ધુડ મીલાવે. ૧૨.
જો હંસ મુખકી સાર ન જાને, ૧૩.
આ કયું હાલ તેરા પીછાને; ૧૪.
તેરા હાલ તુંહી ફેન જાને, ૧૫.
કયા જાને મુલ્લે મુલ્લાંને. ૧૬.

રે તુંહી... ... ...

પ્રેમી જાને પ્રેમ રસ, ઔર ન જાને કોઇ;
મુરખ લોક જાને નહિ, પ્રેમ સીવા કયા હોયરે.

(૨૪)

મુરખ જે કો જાને નહિ, ૧.
વાંકો હાલ પીછાને નહિ; ૨.
દેવે સિર સાટાકું આપે નહિ, ૩.
ઔર કહેત તે માને નહિ. ૪.
યાં ન બુજે માઇ ને બાપ, ૫.
સેજે ખેલે આપોહી આપ; ૬.
ન હંસ માઇ ન હંસ બાપ, ૭.
હુવા નિરીજન આપોહી આપ. ૮.
આપે મુલ્લાં આપે કાઝી, ૯.
આપે પડે સો આપ નીમાજી; ૧૦.
સબ જુગ દેખે પીયાકી બાજી, ૧૧.
ખેલે આપેઆપ પીયાજી. ૧૨.
આપે સાંઈ બહુ ગનીઆર, ૧૩.
આપ નિરંજન અપરમ પારા; ૧૪.
સબમેં આપ સબથી ન્યારા, ૧૫.
દોઇ જગમાંહે કીયા પસારા. ૧૬.

રે તુંહી... ... ...

કાંહી સુંદર કાંહી દેહીઆ, કાંહી રાજા કાંહી જોગરે,
કાંહી મેરી કાંહી પુરખ હય, સો આપે કરતા ભોગરે.

પણુ પોતાની ખોટી નીતીથી ભુલ ખાઇ જાય છે; ૧૧.
જેથી એવી વૃતિને રાખમાં મીલાવી દે છે. ૧૨.
જે પ્રેમીના મોઢામાંથી નીકળતી વાતોનો સાર યાને મતલબ નથી સમજતા, ૧૩.
તે તારી ઇશ્કે હકીકીની હાલત કયાંથી જાણી શકે? ૧૪.
તારા ભેદને તો તું તારા તરીકાથી જાણે છે. ૧૫.
પણુ (જેણે એ દરજ્જો નથી મેળવ્યો) એવા મુલ્લાં અને
મોલવીઓ કયાંથી જાણી શકે? ૧૬.

ઓ મારા સાચા મૌલા......

પ્રેમમાં મસ્ત બનેલા પ્રેમના સ્વાદને જાણી શકે છે. બીજા કોઇપણ એ પ્રેમને જાણી શકતા નથી. પ્રેમ વગર કંઇ પણ બનતું નથી એ બાબત અજ્ઞાની લોકો સમજી શકતા નથી.

(૨૪)

જેઓ અજ્ઞાની છે તેઓ જાણતા નથી. ૧.
અને તેની ભેદ ભરેલી હાલતને તેઓ ઓળખી શકતા નથી. ૨.
બદલીમાં પોતાનું માથું આપી શકે નહીં અને ૩.
અન્ય શિખામણુ આપે તે માને નહી; ૪.
ખુદાઇ નુરના મા બાપની ઓળખાણ આપી શકાતી નથી. ૫.
કારણુ કે એ તો પોતેજ એકલો રમત રમી રહ્યો છે. ૬.
ખુદાઇ નુરને મા અને બાપ હોતા નથી. ૭.
એતો પોતે પોતાની મેળે નિરંજન બન્યો છે. ૮.
પોતેજ મુલ્લાં છે અને પોતેજ ઇન્સાફ કરે છે. ૯.
પોતેજ કિતાબો પડે છે અને પોતેજ નિમાજી પણુ છે. ૧૦.
સર્વે જગત તેની રમત નિહાળી રહી છે. ૧૧.
પોતેજ માલીક છે અને પોતે પોતાની મેળે રમત રમે છે. ૧૨.
પોતેજ બહુ ગુણીયલ માલીક છે. ૧૩.
એ ખુદાઇ નુરના અંતને પહોંચાતું નથી યાને તેની હદ નથી. ૧૪.
સર્વેમાં તે પોતે વસેલો છે છતાં સર્વેથી તે અળગો પણુ છે. ૧૫.
જમીન અને આસમાનમાં પણુ તેનો પસારો છે યાને તે સર્વ વ્યાપક છે. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

કહીં પવિત્ર આત્મા છે; કંહી દેહી ધારી છે; કહીં બાદશાહ અને કહીં જોગી બનીને રહે છે. કહીં સ્ત્રી અને કહીં પુરૂષ બની તે પોતાની લીલા કરી રહ્યો છે.

(૨૫)

આપે મારે આપે જીલાવે, ૧.
આપે દુઃખ સુખ દીખલાવે; ૨.
પુન પાપ હોએ આપ કરાવે, ૩.
આપે સરગ નરગ લે જાવે. ૪.
આપ પીયા હય જે કોઈ જાને, ૫.
ભલી બુરી હોઈ નામ બખાને; ૬.
માયા કરવત એવજ આને, ૭.
આપ ગમાવે સબ પીયાકું જાને. ૮.
માયા કરે દ્રોહી કી સાંહી, ૯.
તોહી ઘર છોડ કર કહો કીત જાઉં? ૧૦.
માં ઘટમાં લટકંદા આયા, ૧૧.
ઘટ પરગટ હો દીખલાયા. ૧૨.
અલેખ અકકલ લખ બાત કહાયા, ૧૩.
સબ આપસમાંકા તબ જલવા પાયા; ૧૪.
કહીં જમાલ કહીં જલાલ હો આયા, ૧૫.
કહીં મહોલ હાદી કીલાયા. ૧૬.

રે તુંહી... ... ...

પીયા લટકત લટક છોડ દે, બીખડ ગયે સબ બાલરે,
કહીં જાહેર કહીં બાતન હય, કહીં જલાલ કહીં કમાલરે.

(૨૬)

આરફકી જબ શુદ્ધ બુદ્ધ આવે, ૧.
બહોર ફીર તસવ્વરમેં આવે; ૨.
ગ્યાંન ધ્યાન લોકોકું બતાવે,, ૩.
ગુર સાચા ઓર બાટ બતાવે. ૪.
હાફ્ઝ મરતબાકું જબ રાખે, ૫.
આરફકી જબ લીઝ્ઝત ચાખે; ૬.
એસી બાત કબી ન ભાખે, ૭.
સાબત કદમ જાહેરમેં રાખે. ૮.

(૨૫)

પોતેજ મારનાર અને પોતેજ જીવાડનાર છે. ૧.
સુખ ને દુઃખ દેખાડનાર તે પોતેજ છે. ૨.
પુન્ય અને પાપ એ બન્ને પોતે જાતે કરાવે છે. ૩.
સ્વર્ગ અને નર્કમાં લઇ જનાર તે પોતે છે. ૪.
એવો એ માલેક છે પણ જો કોઇ તેને ઓળખી શકે તો. ૫.
ભલાઇથી અથવા તો બુંડાઇથી લોકો તેના નામના ગુણ ગાય છે. ૬.
અથવા તો માયાથી ઇન્સાન પોતાના કાર્યને બદલા રૂપ સમજે છે. ૭.
પોતાને ગુમાવી દે તો પોતાની સઘળી ઓળખાણ થાય. ૮.
યા ખુદા મહેરબાની કરી તારી જુદાઇના દર્દથી બચાવજે. ૯.
તારૂં ઘર છોડીને તંજ કહે કે હું બીજે કયાં જાઉ ! ૧૦.
મારા ઘટમાં યાને દિલમાં રમતો રમતો તું આવ્યો, ૧૧.
અને ઘટમાંથી પ્રગટ થઇ તેં દીદાર આપ્યા ૧૨.
જેની કીર્તી પુર્ણ રીતે લખી શકાય નહિ અને બુધ્ધી પણ પહોંચી શકે
નહિ એવો એ હોવા છતાં લોકો તેની લાખો વાતો કહી ગયા છે. ૧૩.
જ્યારે સઘળું પોતામાં જોયું ત્યારે તેનો નુરાની જલવો જોવામાં આવ્યો. ૧૪.
કદીં જાહેર સ્વરૂપે આવ્યો અને કદી નુર થઇને આવ્યો; ૧૫.
કદીં ઉસ્તાદ એટલે હિદાયતનો શાહ કહેવાયો. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

સ્વામીના ચારીત્ર અને રમતને નહિ જો, નહિ તો તારા માથાના વાળ સુધા ઉખડી જશે; કારણ કે કયાંક એ જાહેર છે, કયાંક એ છાનો રહે છે, વળી કયાંક તેજરવિ રૂપે અને કયાંક તાબુબી ભરેલી રીતે તે રહે છે.

(૨૬)

ઓળખી શકનારના જેટલી સમજ અને અકકલ પ્રાપ્ત થાય, ૧.
ત્યાર પછી તે વધારે દેખાવમાં આવે છે. ૨.
ત્યારે તેની ઓળખ અને ભકિત લોકોને શીખવાડે છે. ૩.
અને સાચા સતગુરૂનો રસ્તો બતાવે છે. ૪.
તેને યાદ કરનાર જ્યારે પોતાના દરજ્જાને ઓળખે છે, ૫.
ત્યારે ઓળખ આપનાર ગુણનો તે સ્વાદ ચાખે છે. ૬.
પરંતુ એવી વાતો જાહેરમાં કયારે પણ તે બોલતો નથી. ૭.
એને પોતાના મકમ વિચારને શરીયત સાથે રાખે છે યાને શરીયતને
તે પોતાની નજર સામે રાખે છે. ૮.

જબ તમીઝ ઇલાહી હોવે, ૯.
સઆદત સાહેબકી સબ લેવે; ૧૦.
ભેટ નિરીંજન અપના સેવે, ૧૧.
સબકું ફયેઝ હકકી દેવે. ૧૨.
આપસથી જબ મતલબ જોવે, ૧૩.
બુજ નિરીંજન અયસા હોવે; ૧૪.
આપ નિરીંજન હોકર જાવે, ૧૫.
સબ જુગ અપના મઝહર પાવે. ૧૬.

રે તુંહી... ... ...

આપ ગુમાવે પીયું મીલે, આરફ કહીએ તાંયરે,
ઔર આપસકું બુજકર, અને દાસ કહાવે તાંયરે.

(૨૯)

આરફ બિલ્લાહ તબ કીલાવે, ૧.
જપ તપ કરી સબ જનમ ગમાવે; ૨.
ફનાથી બાહો જાવે, ૩.
બુજ નિરીંજનકો દાસ કહાવે. ૪.
હાફીઝ મરતબાકો રાખે, ૫.
જબ લીઝઝત ઇરફાનકી ચાખે; ૬.
પાની જાને આલા ભાખે, ૭.
માટીકા નામ બુંદ ન રાખે. ૮.
આપે આપસકું ફેર પાવે, ૯.
બાજીંદ હો બાટ દીખાવે; ૧૦.
આરફ બિલ્લાહ તબ તું હોવે, ૧૧.
આપસકું જબ મુતલક ખોવે. ૧૨.
વરેહ દિલકી સુરત ચીતથી ધોવે, ૧૩.
ફાનીથી બાકી ફન હોવે. ૧૪.

રે તુંહી... ... ...

વાહેદકી સુરત સબ ગઇ, અને ઘટ ઘટ રહ્યો સમાયરે,
અચરત દેખીયા એ સખી, ઠાકોર દાસ કહાયરે.

જ્યારે ખુદાને ઓળખવાની સમજ આવે છે, ૯.
ત્યારે ખુદા તરફના નેકીના સઘળા ગુણ તે મેળવે છે. યાને નેકીના
સાહેબ પાસેથી તે ફાયદો મેળવે છે. ૧૦.
પછી નીરંજન નિરાકાર નુરને ભેટી તેને પોતાની સેવા અર્પણ કરે છે. ૧૧.
એવી રીતે સઘળાને ખુદાઇ રસ્તે ચડાવી ફાયદો પહોંચાડે છે. ૧૨.
જ્યારે પોતાની ઓળખાણ થાય છે, ૧૩.
ત્યારે ખુદાની ઓળખાણ થાય છે. ૧૪.
પોતે પોતા પણામાંથી નીકળી નીરંજનમાં મળી જાય ૧૫.
ત્યારે પોતે બધી દુનિયામાં છે એવું તેને દેખાય. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

પોતાનું પોતાપણું ગુમાવીશ, તો ખુદા તને મળશે અને તેજ ખરો ઓળખનાર કહેવાય છે. જ્યારે કોઇને પોતાની ઓળખ થાય છે ત્યારે તે પોતાને નાચીઝ કહેવરાવે છે યાને ગુલામ કહેવરાવે છે.

(૨૯)

ખુદાની સાથે મળેલો કોઇ ત્યારે કહેવાય છે યાને ઓળખનાર ત્યારે કહેવાય છે કે, ૧.
જ્યારે બંદગી સાથ તપશ્ચર્યા કરી પોતાની જીંદગી ગુમાવી દે છે, ૨.
યાને તેની સાથે એક રસ થઇ મળી જાય છે. ૩.
તે નિરંજનને ઓળખનાર દાસ યાને વિશ્વાસુ કહેવાય છે. ૪.
એનો દરજ્જો હાજરીઝનો બને છે યાને દરેક બાબતો તેને યાદ હોય છે,
જ્યારે તેનો એવો દરજ્જો બને છે. ૫.
ત્યારે તે ઓળખનાર હકીકતની લીઝઝત મેળવે છે, ૬.
પાણી યાને અસલ જીવ ઉચ્ચો કહેવાય છે. ૭.
તેમાં માટીની જરા રજબી ન હોય એટલે માયામાં હોવા છતાં
માયા રહીત તે રહે છે. ૮.
પોતે પોતાને પાછો ખુદામાં એક થયેલો જુએ છે, ૯.
અને પોતે ખેલ કરનાર બાજીગર થઇ રસ્તે ચડાવે છે. ૧૦.
જ્યારે તું પોતાને તદ્દન ગુમાવી દઇશ ૧૧.
ત્યારે તું ખુદાને ઓળખનાર થઇ શકીશ. ૧૨.
જ્યારે દિલની જુદાઇને તેના ચહેરાના ધ્યાનમાં પાણીથી ધોઇને
સાફ કરીશ ત્યારે
પોતે ફનાહ થઇ બાકીના નૂરના તરીકામાં મળી જઇશ. ૧૪.

ઓ મારા સાચા મૌલા..પ૯..

એક ખુદાની સુરત યાને ચહેરો મારામાં સમાઇ ગયો ત્યારે ઘટ ઘટમાં સમાયેલો તું દેખાયો પરંતુ અચંબાની વાત તો એ છે કે એવી હાલતમાં તો દાસ યાને બંદો પોતે શેઠ (ખુદા) બની ગયો હોય છે.

(૨૮)

જબ તું અએન સએન હો જાવે, ૧.
હાલત જલી બર્કકી આવે; ૨.
આપસકું અંત મુલ ન પાવે, ૩.
અએન નિરીંજન હોકર જાવે. ૪.
ગએર કહે પણ ગએર ન જાણે, ૫.
દાસ કહે અલ્લાહ પીછાને; ૬.
જેસા કરે તેસા કર માને, ૭.
જ્યું કર ત્યું કર જાને. ૮.
દીન દુનિયાકી જુલમત· નુર, ૯.
દોજખ બહેશ્ત હુર કસુર; ૧૦.
સબ ઇસ્મકા ભયા ઝહુર, ૧૧.
તે માંહે આપે આપ ગફુર. ૧૨.
હય કુલ અરજા તમામ, ૧૩.
જાંકો બુજ નિરીંજન નામ; ૧૪.
સરગથી નેડે રહેમાન, ૧૫.
બુજ નિરીંજન કરો કુછ કામ. ૧૬.

રે તુંહી... ... ...

પ્રેમ મુરત ઘટ ઘટ વસે, હરી મુરત પહેછાનરે,
જો જયેસા પ્રગટ ભયા, તો તેસા કર જાનરે.

(૨૯)

હેત માયા જો ચીતથી જાવે, ૧.
લાખ કરોડ જો મીલ આવે; ૨.
સો સુંદર જાહેદ કીલાવે, ૩.
યે સબ તાલબ બહેશ્તકા હોવે. ૪.
લાભ કારણ બહેશ્તકું ખોવે, ૫.
અયસા મુરખ તું કયું કર હોવે! ૬.
આદમ ઔર ફકીર· દીવાના, ૭.
જાહેર અબ્દ ખરાયે આના. ૮.
નિશદિન દોજખ બહેશ્ત બખાને, ૯.
શાહ અપનેકુ ચીત ન આણે; ૧૦.

(૨૮)

જ્યારે તું બીલકુલ પવિત્ર થઇ જઇશ, ૧.
ત્યારે વીજળીના તેજ જેવી હાલતનો તને અનુભવ થશે. ૨.
છેલ્લે તને પોતાની કિંમત કઇ નથી એવું સમજાશે ૩.
અને ત્યારે તું નુરના દરિયામાં બીલકુલ એક થઇ જઇશ. ૪.
કોઇ પણ કહે કે ખુદા તો જુદો છે યાને અલગ છે પણ જે તેને જુદો જાણતો નથી, ૫.
અને જ્યારે તે પોતાને તો તેનો મોકલેલો ગુલામ સમજે છે ત્યારે તેને ખુદાની ઓળખાણ થાય છે. ૬.
જે જેવા કર્મ કરે છે, તે તેવો તેને માને છે. ૭.
જેવા કર્મ કરીશ તેવી તેની ઓળખાણ થશે. ૮.
મઝહબ અને દુનિયાના અંધારાને દૂર કરનાર નુર છે. ૯.
નર્ક સ્વર્ગ હુરાઓ અને મહેલાતો, ૧૦.
એ સઘળા એના નામની ઝરૂરાત પામેલા છે. ૧૧.
અને તેમાં પણ ખુદા પોતે સમાઇ રહ્યો છે. ૧૨.
તેમજ બન્ને જગતમાં સઘળે ઠેકાણે તેજ છે. ૧૩.
અને તેનું નામ ખુદાની ઓળખ છે યાને ખુદા છે, ૧૪.
યાને ખુદા આપણી ધોરી નસથી પણ વધારે નજીક છે, ૧૫.
એવું સમજી કાર્ય કરો તો ખુદાની ઓળખ થાય. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

પ્રેમીની સુરત ઘટ ઘટમાં વસી રહી છે. તેજ ખુદાની મુરત છે, તેને તું ઓળખ અને જાહેરમાં તે જેવું સ્વરૂપ લે તેવા સ્વરૂપમાં પણ તું તેને ઓળખ.

(૨૯)

જેના ખ્યાલમાંથી દુનિયાનો પ્રેમ અને માયા નીકળી ગઇ છે, ૧.
તેને લાખો અને કરોડોની દૌલત મળે તો પણ તેની જ્યારે તે દરકાર કરતો નથી. ૨.
ત્યારે તે તપસ્વી લેખાય છે. ૩.
પણ એ બધા બહેસ્તની ઇચ્છાવાળા હોય છે. ૪.
ખુદાઇ દીદારના લાભ માટે બહેસ્તને ગુમાવનારને, ૫.
કહેવામાં આવે છે કે તું આવો મુર્ખ શા માટે બને છે? ૬.
સેવક, ફકીર અને મોટો મુતવ્વલી; ૭.
એ બધા જાહેર રસમ પાળનારા અને મુરશીદના હુકમને તોડી નાખનારા છે; ૮.
તેવાઓ રાત દિવસ દોઝખ અને બહેસ્તનીજ વાતોમાં ગુંથાએલા રહે છે, ૯.
પણ પોતાના માલીકના વખાણ કરતા નથી, ૧૦.

જીને શાહ દોજખ બહેશ્ત નીપાઈ; ૧૧.
સાત દ્વિપ નવ ખંડ બનાઈ. ૧૨.
યે સબ રૂપ અનુપ દીખાઈ, ૧૩.
યે અહમદ કેરે સંગ લગાઈ. ૧૪.

રે તુંહી... ... ...

કાહે લાવે મન ઔરસું, ઔર કાહે ડલાવે ચીતરે;
એક પલ ચીત પીયાશું, જહાં ચીંતવત તહાં નીતરે.

(૩૦)

જો ગુર શાહ તરીકત લાવે, ૧.
માયા પુંજી મુલ લુંટાવે; ૨.
ગુર દ્વારકું રંગ લગાવે, ૩.
મજનું હો લૈલીકું ધ્યાવે. ૪.
પ્રેમ પીયારેકા જબ હોવે, ૫.
હું સબ એ દિલકી ધોવે; ૬.
નિશદિન જાગે કબહુએ ન સોવે, ૭.
ઝાર ઝાર દો નૈના રોવે. ૮.
હીરદે માંહે આગરી લાગે, ૯.
આગે હોય સો આગે આગે; ૧૦.
ગયે જીવ પંખી હો ઉડ જાવે, ૧૧.
લાલન કેરા દરશન પાવે. ૧૨.
સાજન પર હું બલ બલ જાઉં, ૧૩.
લે સાજનકું ગલે લગાઉં. ૧૪.

રે તુંહી... ... ...

પંખી હુ જો ઉડ સગું, તો જાઉં પીયાકી ઓડરે;
એક જીવકી કાજ હય, વારૂં લાખ કરોડરે.

(૩૧)

લાલન મોકું લાલી કાની, ૧.
વરેહની મારી ફીરૂં દીવાની; ૨.
લોક કુટુંબસું ભઈ બીગ્ની, ૩.
સાજન મેરી સાર ન જાની. ૪.

કે જે મૌલાએ દોઝખ અને બહેસ્તને પેદા કરી છે. ૧૧.
અને સાત દ્વિપ અને નવે ખંડ બનાવ્યા છે. ૧૨.
એ બધા ઉત્તમ રૂપો તેણે દેખાડયા છે, ૧૩.
અને હ. નબી સાહેબ સાથે મેળાવ્યા છે. ૧૪.

ઓ મારા સાચા મૌલા......

શા માટે બીજા સાથે ધ્યાન લગાડે છે? અને તારા વિચારોને શા માટે ફેરવે છે? જો એક આખું માત્ર તારૂં ધ્યાન મૌલા સાથે લગાડીશ તો જ્યાં તું ધ્યાન ધરીશ ત્યાં તું તારા પરમ મિત્ર યાને મૌલાને જોઇશ.

(૩૦)

જ્યારે મુરશીદ (મુરીદને) તરીકતના રસ્તા ઉપર લઇ જાય છે. ૧.
ત્યારે હું તુંની માયા મીલકત વગેરેના ખ્યાલો તે દુર કરાવે છે. ૨.
અને તારા દીલને પ્રેમ યાને ઇશ્કે હકીકીના રંગથી તે રંગી નાંખે છે. ૩.
ત્યારે તું ઇશ્કમાં ગાંડો બની મજનુ બની લૈલીને મેળવીશ (ખુદાના દીદાર મેળવીશ.) ૪.
એવો ઇશ્ક જ્યારે થાય છે, ૫.
ત્યારે તે બધા હુંપણાને દિલમાંથી કાઢી દિલને પવિત્ર બનાવે છે, ૬.
અને હમેશાં ચેતતો રહે છે અને કયારે પણ ગફલતી કરતો નથી. ૭.
અને પ્રેમની મસ્તીમાં બન્ને આંખોથી વીયોગના લીધે તે રડયા કરે છે. ૮.
અંતઃકરણમાંથી પણ આહના આગ જેવા પોકાર નીકળે છે. ૯.
છતાં પણ પગલે પગલે આગળ જે થવાનું હોય તે થાય એમ જાણી ચાલ્યો જાય છે. ૧૦.
જ્યારે આત્મા રૂપી પંખી શરીરમાંથી છુટું પડે છે, ૧૧.
ત્યારે તેને ખુદાના દીદાર થાય છે. ૧૨.
આવા મુરશીદે કામીલ ઉપર હું કુરબાન જાઉં, ૧૩.
અને એ મૌલાને મારા ગલાનો હાર બનાવું. ૧૪.

ઓ મારા સાચા મૌલા......

પંખીની માફક ઉડવાની તાકાત જો મારામાં હતે તો જરૂર મારા મૌલાની પાસે પહોંચી જાત, ફકત એક મારા જીવની ચીંતાની ખાતર દુનિયાના લાખો અને કરોડો લાભની કુરબાની આપી દઉં.

(૩૧)

એ મૌલાએ મને પ્રેમના બાણ મારી રંગી નાંખી છે. ૧.
એની જુદાઇના ગમમાં પાગલ થઇને હું ફરી રહી છું. ૨.
દુનિયાના લોકો અને કબીલાનો સંગાથ મુકી હું દુર થઇ ગઇ છું, ૩.
છતાં પણ મારા મૌલાએ મારી ખબર પણ પુછી નહિ. ૪.

ખીન શાહ દીન કીલાએ ન કોઈ; ૫.
પીયા કારન સગલે દિન રોઈ; ૬.
માઈ બાપ ન પુછે કોઈ, ૭.
જીને લાગી બુજે ફુન સોહી. ૮.
જાકું કડવા કલેજે હોવે, ૯.
સો કયું નીંદ કર સુખસું સોવે; ૧૦.
સબ હેત ચીત અપનેથી ધોવે, ૧૧.
નિશદિન નેનું લોહી રોવે; ૧૪.
રાતદિન મુજે નીંદ ન આવે, ૧૩.
નિશદિન નેનું પાણી બહાવે. ૧૨.
હું મુઈ સાજન તેરે હાવે, ૧૫.
તુજે મેરી મહેર ન આવે. ૧૬.

રે તુંહી... ... ...

દેખો સખી સાહનીયાં, દેહનકો હાલ બે હાલરે,
પીયા પતી જબ ચિત ચડયો, તબ મુઈ સંભાર સંભારરે.

(૩૨)

સાજન પર હું સદા બલહારી, ૧.
જીને સાજન મોંહે નિપટ બિસારી; ૨.
નિશદિન નેનું લાગી તાડી, ૩.
કબહુએક આવે હમારી વારી. ૪.
જબ દરશન દેખું તેરા, ૫.
સબ દુઃખ બીસરે ચીતથી મેરા; ૬.
સુખ ઉપજે મન ગને ગનેરા, ૭.
લાલન કરો અમારે યહાં ફેરા. ૮.
અબકે મંય જો સાજન પાઉં, ૯.
હઈડે અંદર સેજ બીછાઉં; ૧૦.
મીલું ઉસીકે નુર સંગાથ, ૧૧.
ફીર દુસરેકા નવ ઝાલું હાથ. ૧૨.
હઈડે તલપી મારી મારી, ૧૩.
કહાં સહું એ દુઃખ હય ભારી; ૧૪.

મુરશીદે કામીલ વગરનો મઝહબ એ મઝહબ કહેવાતો નથી. ૫.
એ મઆશુકને મેળવવા માટે આખો દિવસ રડતી રહી. ૬.
એ રસ્તે ચાલતાં મા બાપને પુછવાની જરૂર રહેતી નથી. ૭.
કારણ કે જેને લગની લાગી હોય તેજ તે ઇશ્કના તરીકાને જાણી શકે છે. ૮.
જેના દિલમાં ઇશ્કનું દરદ પેદા થાય છે, ૯.
તે નિશ્ચિંત થઇ આરામથી કેમ સુઇ શકે? ૧૦.
પોતાના દુનિયાના સઘળા હીત પોતાના ખ્યાલમાંથી કાઢીને ખ્યાલને
પવિત્ર રાખે છું, ૧૧.
અને આંખોમાંથી પાણી ખુટતાં લોહીના આંસુઓ વહેરાવીને
રાત દિવસ રડું છું. ૧૨.
રાત કે દિવસ મને એથી ઉંઘ આવતી નથી, ૧૩.
અને રાત દિવસ આંખો પાણી કાઢતી રહે છે. ૧૪.
હે સુજ્ઞ પુરૂષ તારી જુદાઇ ઉપર મરી રહી છું. ૧૫.
છતાં તને મારા ઉપર દયા આવતી નથી? ૧૬.

ઓ મારા સાચા મૌલા......

હે મારી ભલી સખીઓ, મારા શરીર તરફ તો જુઓ કે તેના કેવા હાલ હવાલ થઇ ગયા છે? કારણ કે જ્યારથી મારો માલીક મારો મૌલા મારા ખ્યાલમાં રમી રહ્યો છે ત્યારથી તે મારાથી જરાપણ દુર ન થાય; એવું માંગી રહી છું.

(૩૨)

મારા મુરશીદે કામીલ ઉપર વારી વારી જાઉં છું, ૧.
કે જેણે મને બીલકુલ વિસારી મુક્યા છે. ૨.
રાત દિવસ મારી આંખમાં મને તારી તલબ લાગી છે. ૩.
એમ કરતાં કરતાં કોઇક વખત અમારો પણ વારો આવશે, ૪.
કે જ્યારે તારા પવિત્ર દીદાર કરીશ. ૫.
ત્યારે મારા ખ્યાલમાંથી સઘળા દુઃખો નીકળી જશે, ૬.
અને મારા મનમાં અધીકાધીક આનંદ પેદા થશે. ૭.
હે મારા મૌલા, એક વખત તો મારે ત્યાં આંટો મારી જાઓ. ૮.
હવે જો હુ મારા મૌલાને મેળવું, ૯.
તો મારા હૃદયમાં બીછાનું પાથરી તેના પર તેને પોઢાડું, ૧૦.
અને તેના નુરાની દરિયામાં મળી જાઉં. ૧૧.
પછી બીજા કોઇની દામન નહી પકડું. ૧૨.
મારૂં હૃદય તારા પ્રેમના બાણથી તલપી રહ્યું છે ૧૩.
એ તલપનું દુઃખ બહુ ભારી છે, તેને ક્યાં સુધી હું સહન કરી શકીશ? ૧૪.

દરશન દીખાઓ સબ ભય હારી, ૧૫.
ક્રોધ ન ભજે તારી મારી. ૧૬.
દિલકે અંદર દકે ઉતારી, ૧૭.
સાજન તુમ પર જાઉં બલહારી. ૧૮.

રે તુંહી... ... ...

દરશન દીયા સમજી, શુદ્ધ બુદ્ધ ગઈ હરાઈરે;
પ્રીતમ પાસે બુલાએ હમ, કહીં શુદ્ધ લો તમ આયરે.

(૩૩)

જો નફસાનિયતકું નાંખે; ૧.
સંબ રોજે રમજાનકે રાખે; ૨.
મનથી હોઈ શહાદત ભાખે, ૩.
તલ લીઝઝત ઇસલામકી ચાખે. ૪.
ચાર મઝહબ બરહક કરી જાને, ૫.
ચાર કીતાબકું સહી પીછાને; ૬.
અપને નબીકું હક કરી માને, ૭.
ફીર તુજે હોવે દુરસ્ત ઈમાને. ૮.
વાજબ ફરઝ જો સત કરી માને, ૯.
સબ હય યેહ કામ અરકાન પીછાને; ૧૦.
રોઝ કયામત સહી કરી જાને, ૧૧.
સબ કાહુંકું મનમેં ઠાને. ૧૨.
પડે કુરઆન કિતાબા બુજે, ૧૩.
તો તુજે રાહ નબીકી સુજે; ૧૪.
જો મુખ અહમદ કેરા બુજે, ૧૫.
રાહ નિરીંજન આપે સુજે. ૧૬.

રે તુંહી... ... ...

જો બુજે મારગ પીર સદરદીન કેરા, જો હય સદા કબુલરે;
સબ નબીયુંકે સિરતાજ હય, સો દુલે નબી રસુલરે.

સમાપ્ત.

તારા દીદાર કરવાથી દુનિયાના દરેક જાતના ભય યાને ડર નીકળી જાય છે. ૧૫.
તારી જુદાઇની આગ હ્રદયમાં સળગતાં આ તારૂં અને
આ મારૂં કરવાની ફુરસદજ કયાંથી હોય? ૧૬.
હું તો તને મારા દિલમાંજ ઉતારી દઉં, ૧૭.
હે મૌલા તારા ઉપર હું કુરબાન થઇ જાઉં. ૧૮.

ઓ મારા સાચા મૌલા......

મારી હાલતને જોઇ દીદાર આપો, કારણ કે મારૂં ધ્યાન અને અકલ હણાઇ ગયા છે, માટે હે પ્રીતમ મને તમારી પાસે તેડાવીને મારી ખબર તમે આવીને લ્યો.

(33)

જો તું તમામ જાતની નફસાનીયત હીર્સ, નીંદા, જુઠ, બદ નઝર,
વગેરેને દુર કરીશ તો સમજ કે, ૧.
તેં રમજાનના બધા રોજા રાખ્યા; ૨.
અને સાફ દિલથી શાહદતનો કલમો (યાને ખુદા એક છે) કહીશ, ૩.
ત્યારે ઇસલામની ખુબી મેળવી તેની મીઠાશ ચાખી શકીશ. ૪.
ચારે નબીના ચારે મઝહબને સાચા કરીને તું માનીશ, ૫.
અને તેની ચારે કિતાબોને સાહી સમજીશ, ૬.
અને આપણા હ. નબી રસુલ સ. અ. ને સાચા કરીને માનીશ. ૭.
ત્યારે તારૂં ઇમાન ચોકખું કહેવાશે. ૮.
જો તું જરૂરી ફરઝોને સાચી કરી માનીશ, ૯.
અને સઘળા સીધ્ધાંતોના કાર્યને ઓળખીશ, ૧૦.
છેલ્લે ઇન્સાફના દિવસને હક કરી માનીશ. ૧૧.
એ બધી કહેલી બાબતોને જો મનમાં રાખીશ, ૧૨.
અને કુરઆને શરીફ અને કિતાબોને સમજીને પડીશ, ૧૩
તો તને હ. નબી રસુલના સરાતલ મુસ્તકીમના રસ્તાની ખબર પડશે. ૧૪.
હ. નબી સાહેબની જો મારિફત તને થશે ૧૫.
તો ખુદાની ઓળખાણ પોતાની મેળે થઇ જશે. ૧૬.

ઓ મારા સાચા મૌલા......

કોઇ પીર સદરદીનના બતાવેલા માર્ગને ઓળખી લેજે કે જે માર્ગ સરાતલ મુસ્તકીમ તરીકે હમેશના માટે કબુલ થએલ છે. સર્વે નબીઓના માથાના તાજ તે અમારા દુલ્લા યાને શહેનશાહ નબી રસુલ સ. અ. વ. છે. **સલવાત.**

સમાપ્ત.

